

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા. رَبِّ زِدۡنِیۡ عِلۡمًا وَّارۡزُقۡنِیۡ فَهۡمًا

**અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી અતા કર.**





**સરપરસ્ત**
**પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**

**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

**Vol.-1, Isuue-4, February-2014**

Website : www.jafariaawaz.com ❋ email : jafariaawaz@gmail.com

**સંપાદક મંડળ**

તંત્રી : કાસમભાઈ વિજાપુરા - ૯૪૨૬૫ ૪૧૪૭૨
સહતંત્રી : 'માસૂમ' મહેરપુરી - ૯૬૮૭૬૭૯૫૧૩
સલાહ–માર્ગદર્શન : મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી (સિધ્ધપુર)
સહયોગી : મોલ્વી ખાદિમહુસૈન પટેલ (મોલીપુર)
મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)
મોલ્વી અબ્બાસઅલી સલેમા (હરિપુરા)
લેસર&ગ્રાફિક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા - ૯૯૨૫૭૩૦૧૦૭

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : ઈબ્રાહીમભાઈ વાઘ - ૯૪૨૮૬૪૬૪૭૬
સહવ્યવસ્થાપક : અકબરઅલી મસી - ૯૮૨૫૪૯૭૧૭૮
અનવરઅલી મતિયા

**કાર્યાલયનું સરનામું**

'જાફરી આવાઝ' (માસિક)
મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦. ફોન : ૦૨૭૭૨–૨૨૭૨૯૬


## લેખાનુક્રમ


| | |
|---|---|
| ઊઘડતે પાને | 3 |
| ગડમથલ | 8 |
| કુરઆન શિક્ષણ | 9 |
| અહાદીસ | 11 |
| ઝિયારતે વારેસાની તફ્સીર | 15 |
| સુપરમેન ઈન ઈસ્લામ : હઝરત ઈમામ જાફર સાદિક (અ.) | 19 |
| અલી અહમદ કા યાવર ભી | 22 |
| આઠમા ઈમામ અલી રઝા (અ.)એ..... નુસ્ખા | 25 |
| મશાયખવાણી | 27 |
| જાફરી પંચાંગ | 30 |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | 31 |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | 33 |
| અલ ઈર્શાદ | 35 |
| શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | 38 |
| નહજુલ અસરાર | 41 |
| બ્લોગ | 44 |
| ખુત્બો : એકતા વિષે | 46 |
| મીર અનીસના મરસિયા | 51 |
| જ્ઞાનગોષ્ઠિ | 54 |
| આપણા ઘરની વાતો | 57 |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | 57 |


## ઊઘડતે પાને...

દુનિયામાં ઘણા બધા તવંગરો થઈ ગયા.

ઘણા બધા માલદારો થઈ ગયા.

કુરઆનમાં પહેલાંના જમાનાના એવા દોલતમંદોનું વર્ણન પણ છે કે જેઓ લીલાછમ બાગ બગીચાઓના માલિક હતા, પરંતુ તે બધા છેવટે સરકશીના કારણે નાબૂદ થઈ ગયા હતા.

એક દાસ્તાન અહીં રજૂ કરીએ છીએ. એવું માલૂમ પડે છે કે આ દાસ્તાન એ જમાનાના લોકોમાં ખૂબ મશહૂર હતી અને તેના આધારે તે ગવાહી તરીકે રજૂ કરવામાં આવી છે જેમકે ઈર્શાદ થયો છે :

"અમે તેમને અજમાવી જોયા જેમકે અમે બાગવાળાઓની અજમાઈશ કરી હતી."

આ બાગ કયાં હતો ? યમનની ભૂમિની નજીક આવેલા મહાન શહેર સનઆમાં હતો ? કે પછી હબશાની સરઝમીનમાં ? કે પછી બની ઈસરાઈલની સરઝમીન શામમાં ? કે પછી તાઈફમાં ? આ બાબતમાં મતમતાંતર છે, પરંતુ મશહૂર યમનમાં છે.

કિસ્સો આ મુજબ છે :

એ બાગ એક ઘરડા મર્દે મોમિનની મિલકત હતી. તે પોતાની જરૂરિયાત પ્રમાણે તેમાંથી લેતો હતો અને બાકીનું ઘરડા લોકોને અને જરૂરતમંદોને આપી દેતો હતો, પરંતુ જ્યારે તેણે દુનિયાથી આંખો બંધ કરી દીધી (એટલે કે તે મરી ગયો) તો તેના દીકરાઓએ કહ્યું, અમે આ બાગના ઉત્પાદનના વધુ હકદાર છીએ. જો કે અમારાં ઘરવાળાં અને બાળકો વધારે છે તેથી અમે અમારા બાપની માફક અમલ કરી શકતા નથી. આવી રીતે તેમણે એવો ઈરાદો કરી લીધો કે એ બધા જ હાજતમંદો કે જેઓ આખું વર્ષ તેનાથી ફાયદો ઉઠાવતા હતા, તેમને લાભથી વંચિત કરી દેવામાં આવે. તેથી તેમની હાલત એવી થઈ ગઈ કે જેવું કુરઆને બતાવ્યું છે. ઈર્શાદ થયો છે :

إِنَّا بَلَوْنَاهُمْ كَمَا بَلَوْنَا أَصْحَابَ الْجَنَّةِ إِذْ أَقْسَمُوا لَيَصْرِمُنَّهَا مُصْبِحِينَ ﴿١٧﴾ وَلَا يَسْتَثْنُونَ ﴿١٨﴾

*"અમે તેમને અજમાવી જોયા, જ્યારે તેમણે એવી કસમ ખાધી કે બાગનાં ફળોને સવારના સમયે હાજતમંદોની નજરો બચાવીને વીણી લઈશું. અને એમાં કોઈ પ્રકારની બાંધછોડ નહીં કરીએ અને હાજતમંદો માટે કોઈ વસ્તુ પણ ન રહેવા દઈએ."*

(સૂરા કલમ, આયત-૧૭, ૧૮)

તેમનો આવો ઈરાદો એ બાબતનું સૂચન કરે છે કે આ કાર્ય જરૂરિયાતના આધાર પર ન હતું, પરંતુ આ તો તેમની કંજૂસાઈ અને નબળા ઈમાનના કારણે હતું કેમકે માણસ ભલે ને કેટલોય જરૂરતમંદ કેમ ન હોય, અગર તે ઈચ્છે તો પુષ્કળ પેદાશવાળા બાગમાંથી કંઈક ને કંઈક હિસ્સો હાજતમંદો માટે કાઢી શકે છે.

ત્યાર પછી આ જ વાતને ચાલુ રાખતાં વધુમાં કહે છે :

فَطَافَ عَلَيْهَا طَائِفٌ مِّن رَّبِّكَ وَهُمْ نَائِمُونَ ﴿١٩﴾

*"રાતના સમયે જ્યારે કે તેઓ સૂઈ રહ્યા હતા ત્યારે તારા પરવરદિગારનો એક ઘેરી લેનારો અઝાબ તેમના આખા બાગ ઉપર નાઝિલ થઈ ગયો."*

(સૂરા કલમ, આયત–૧૯)

એક સળગાવી નાખનારી આગ અને મરણતોલ વીજળી એવી રીતે તેના ઉપર ચોમેર છવાઈ ગઈ કે–

فَأَصْبَحَتْ كَالصَّرِيمِ ﴿٢٠﴾

*"તે લીલોછમ બાગ રાતની માફક કાળો મેશ થઈ ગયો."* (સૂરા કલમ, આયત–૨૦)

અને મૂઠીભર રાખ સિવાય કંઈ પણ બાકી ન બચ્યું.

જો કે બાગના માલિકોએ એવા ગુમાનથી કે આ ફળોથી લદાયેલાં વૃક્ષો હવે તૈયાર છે જેથી તેમનાં ફળ તોડી લઈશું,

فَتَنَادَوْا مُصْبِحِينَ ﴿٢١﴾
أَنِ اغْدُوا عَلَىٰ حَرْثِكُمْ إِن كُنتُمْ صَارِمِينَ ﴿٢٢﴾

*"સુબ્હ થતાંની સાથે જ એકબીજાને પોકારવા લાગ્યા. તેમણે કહ્યું : અગર તમે બાગનાં ફળોને તોડવા ઈચ્છતા હો તો તમારા ખેતર અને બાગની*

*તરફ ચાલો."*

(સૂરા કલમ, આયત–૨૧,૨૨)

فَانْطَلَقُوْا وَ هُمْ يَتَخَافَتُوْنَ ﴿٢٣﴾

اَنْ لَّا يَدْخُلَنَّهَا الْيَوْمَ عَلَيْكُمْ مِّسْكِيْنٌ ﴿٢٤﴾

*"એવી રીતે તેઓ પોતાના બાગ તરફ ચાલી નીકળ્યા અને તેઓ ધીમે ધીમે એકબીજા સાથે વાતો કરી રહ્યા હતા કે એ બાબતનો ખ્યાલ રાખો કે એક પણ ફકીર તમારી પાસે આવવા ન પામે."*

(સૂરા કલમ, આયત–૨૩, ૨૪)

અને તેઓ એવી રીતે ધીમે ધીમે વાતો કરી રહ્યા હતા કે તેમનો અવાજ કોઈ બીજાના કાનો સુધી ન પહોંચી જાય. કયાંક એવું ન થઈ જાય કે કોઈ ફકીર જાણી જાય અને બચેલાં ફળ વીણવા માટે અથવા પોતાનું પેટ ભરવા માટે થોડાં ફળ લેવા તેમની પાસે આવી જાય.

એવું દેખાતું હતું કે તેમના બાપના ભૂતકાળના નેક આમાલની બિના પર ફકીરોનું એક ટોળું આવા દિવસોની વાટ જોતું હતું કે બાગનાં ફળ તોડવાનો સમય શરૂ થઈ જાય તો તેમાંથી અમુક ભાગ તેમને પણ મળે. એટલા માટે આ કંજૂસ અને નાલાયક દીકરાઓ આવી રીતે છૂપી રીતે ચાલવા લાગ્યા કે કોઈને પણ એવી શંકા ન જાય કે આ પ્રકારનો દિવસ આવી પહોંચ્યો છે અને જ્યારે ફકીરોને તેની ખબર પડે ત્યારે તો મામલો પતી ગયો હોય.

وَّ غَدَوْا عَلٰى حَرْدٍ قٰدِرِيْنَ ﴿٢٥﴾

*"આવી રીતે તેઓ વહેલી સવારે પોતાના બાગમાં અને ખેતરમાં જવાના ઈરાદાથી હાજતમંદો અને ફકીરોને રોકવા માટે પૂરી શકિત અને પાકા ઈરાદા સાથે ચાલી નીકળ્યા."*

(સૂરા કલમ, આયત–૨૫)

તે બાગવાળા એવી ઉમેદ સાથે કે બાગની પુષ્કળ પેદાશને વીણી લે અને માગનારાઓની નજરોને બચાવીને તેમનાં ફળ એકઠાં કરી લે અને તે બધું પોતાના માટે ખાસ કરી લે, એટલે સુધી કે અલ્લાહની નેઅમતના આ વિસ્તૃત દસ્તરખ્વાન પર વહેલી સવારે ચાલી નીકળ્યા, પરંતુ તે લોકો એ બાબતથી બેખબર હતા કે રાતના સમયે જ્યારે કે તેઓ પથારીમાં પડ્યા પડ્યા સૂઈ રહ્યા હતા ત્યારે એક મરણતોલ કડાકા સાથેની વીજળીએ બાગને એક મૂઠીભર ખાકમાં ફેરવી નાખ્યો હતો.

કુરઆન કહે છે :

فَلَمَّا رَاَوْهَا قَالُوْۤا اِنَّا لَضَآلُّوْنَ ﴿٢٦﴾

*"જ્યારે તેમણે પોતાના બાગને જોયો તો તેની હાલત એવી રીતે બગડેલી હતી કે તેમણે કહ્યું, આ આપણો બાગ નથી, આપણે તો રસ્તો ભૂલી ગયા છીએ."* (સૂરા કલમ, આયત–૨૬)

પછી તેમણે વધુમાં કહ્યું,

بَلْ نَحْنُ مَحْرُوْمُوْنَ ﴿٢٧﴾

*"પરંતુ આપણે તો હકીકતમાં મહેરૂમ (વંચિત) છીએ."* (સૂરા કલમ, આયત–૨૭)

આપણે તો એવું ઈચ્છતા હતા કે માગનારાઓ અને જરૂરતમંદોને મહેરૂમ કરી દઈશું, પરંતુ આપણે તો પોતે જ બધાથી વધારે મહેરૂમ થઈ ગયા છીએ. ભૌતિક મુનાફાથી પણ મહેરૂમ થઈ ગયા છીએ અને રૂહાની બરકતોથી પણ મહેરૂમ થઈ ગયા છીએ કે જે રાહે ખુદામાં ખર્ચ કરવાથી અને હાજતમંદોને આપવાથી આપણા હાથમાં આવતી હતી.

قَالَ اَوْسَطُهُمْ اَلَمْ اَقُلْ لَّكُمْ لَوْ لَا تُسَبِّحُوْنَ ﴿٢٨﴾

*"એવામાં તેમનામાંથી એક કે જે સૌથી વધારે બુધ્ધિશાળી હતો, તેણે કહ્યું, "શું મેં તમને નહોતું કહ્યું કે તમે ખુદાનો ઝિક્ર કેમ કરતા નથી ?""*

(સૂરા કલમ, આયત–૨૮)

શું મેં તમને કહ્યું નહોતું કે અલ્લાહને અઝમતની સાથે યાદ કરો. અને તેનો વિરોધ કરવાથી બચો, તેની નેઅમતનો શુક્રિયા બજાવી લાવો અને હાજતમંદોને તેમના સવાલથી ખુશ કરો, પરંતુ તમે તો મારી વાતને ધ્યાનથી સાંભળી જ નહીં અને બદનસીબીના ખાડામાં જઈને પડ્યા.

આના ઉપરથી માલૂમ પડે છે કે તેમનામાં એક મર્દે મોમિન હતો કે જે તેમને કંજૂસાઈ અને લોભ કરવાની મનાઈ કર્યા કરતો હતો, જો કે તે એકલો હતો તેથી કોઈ પણ તેની વાત પર કાન ધરતું ન હતું, પરંતુ તે દર્દનાક દુર્ઘટના પછી તેની જીભ ખુલી ગઈ. તેની વાણી વધારે ધારદાર અને વધારે કાતિલ થઈ ગઈ અને તે તેમની સતત નફરત અને નિંદા કરતો રહ્યો.

તેઓ બધા પણ એક ક્ષણ માટે સજાગ થઈ ગયા અને તેમણે પોતાના ગુનાઓનો સ્વીકાર કરી લીધો :

قَالُوْا سُبْحٰنَ رَبِّنَآ اِنَّا كُنَّا ظٰلِمِيْنَ ﴿٢٩﴾

*"તેમણે કહ્યું, અમારો પરવરદિગાર પાક અને એબોથી મુક્ત છે. યકીનન અમે જ જાલિમ અને સિતમગર હતા."* (સૂરા કલમ, આયત–૨૯)

પરંતુ મતલબ અહીં ખતમ ન થઈ ગયો.

فَاَقْبَلَ بَعْضُهُمْ عَلٰى بَعْضٍ يَّتَلَاوَمُوْنَ ﴿٣٠﴾

*"તેમણે એકબીજા તરફ મોઢું કર્યું અને એકબીજાની મલામત અને નિંદા કરવા લાગ્યા."*

(સૂરા કલમ, આયત–૩૦, ૩૧)

પરિસ્થિતિ એવી હતી કે તેમનામાંથી દરેક જણ પોતાની ભૂલનો સ્વીકાર કરવાને બદલે અસલી ગુનાને બીજાના ખભા ઉપર નાખતો હતો અને તીવ્રતાપૂર્વક તેની નિંદા કરતો હતો કે અમારી બરબાદીનું અસલ કારણ તું છે, નહીંતર અમે ખુદાની અને તેની અદાલતથી આટલા બધા અજાણ્યા નહોતા.

ત્યાર પછી વધુમાં કહે છે કે જ્યારે તેઓ પોતાની બદનસીબીની પરાકાષ્ઠાથી પરિચિત થયા તો તેમની ફરિયાદ બુલંદ થઈ અને તેમણે કહ્યું,

قَالُوْا يٰوَيْلَنَآ اِنَّا كُنَّا طٰغِيْنَ ﴿٣١﴾

*"વાય થાય અમારા પર કે અમે જ સરકશી અને અનીતિ કરવાવાળા હતા."*

(સૂરા કલમ, આયત–૩૧)

છેવટે તેમણે આવી સજાગતા સાથે ગુનાઓનો સ્વીકાર કર્યો અને અલ્લાહ તરફ પાછા ફર્યા પછી તેની બારગાહ તરફ રજૂ થયા અને કહ્યું :

عَسٰى رَبُّنَآ اَنْ يُّبْدِلَنَا خَيْرًا مِّنْهَآ اِنَّآ اِلٰى رَبِّنَا رٰغِبُوْنَ ﴿٣٢﴾

*"અમને ઉમેદ છે કે અમારો પરવરદિગાર અમારા ગુનાઓને માફ કરી દેશે અને અમને આના કરતાંય વધારે બહેતર બાગ આપશે કેમકે અમે તેની તરફ મોઢું કરી લીધું છે અને તેની પાક ઝાતની સાથે ધ્યાન કેન્દ્રિત કર્યું છે તેથી આ મુશ્કેલીનો ઉકેલ પણ તેની અસીમ કુદરતથી માગીએ છીએ."*

(સૂરા કલમ, આયત–૩૨)

શું આ ટોળું પોતાના કાર્ય માટે પસ્તાયું હતું? તેમણે જૂના અમલમાં ફેરફાર કરવાનું જોઈ લીધું

હતું ? અને પાકો અને મજબૂત ઈરાદો કરી લીધો હતો કે અગર અલ્લાહ અમને ભવિષ્યમાં પોતાની નેઅમતોથી નવાજશે તો અમે તેના શુક્રિયાનો હક અદા કરીશું ? અથવા તેઓ પણ ઘણા બધા જાલિમોની માફક કે જ્યારે તેઓ અઝાબમાં ફસાય છે તો સમયસૂચકતા વાપરીને સજાગ બની જાય છે, પરંતુ જ્યારે અઝાબ ખતમ થઈ જાય છે તો તેઓ બીજી વાર તેવાં કાર્યો કરવા મંડી પડે છે ? આ બાબતમાં મુફસ્સિરોમાં મતભેદ છે કે આયતના લબો લહેજાથી એવું લાગે છે કે તેમની તોબા શરતો ભેગી ન થવાના આધારે કબૂલ ન થઈ, પરંતુ કેટલીક રિવાયતોમાં આવ્યું છે કે તેમણે ખુલૂસ નિય્યતની સાથે તોબા કરી, અલ્લાહે તેમની તોબા કબૂલ કરી લીધી અને તેમને તેના કરતાંય વધારે સારો બાગ અર્પણ કર્યો કે જેમાં ખાસ કરીને મોટાં મોટાં ઝુમખાંવાળા અંગૂરના મેવાથી ભરપૂર વૃક્ષો હતાં.

અંતમાં, સમગ્ર રીતે આમાંથી એક સબક કાઢીને કુરઆન તે વિષય ઉપર ફરમાવે છે :

كَذٰلِكَ الْعَذَابُ ۚ وَلَعَذَابُ الْاٰخِرَةِ اَكْبَرُ ۘ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ﴿٣٣﴾

*"અલ્લાહનો અઝાબ આ પ્રકારનો હોય છે અને અગર તે જાણે તો આખેરતનો અઝાબ તો ઘણો જ મોટો છે."* (સૂરા કલમ, આયત–૩૩)

## સુધારો

જાન્યુઆરી-૨૦૧૪માં આપણા ઘરની વાતોમાં "હેલ્થ અવેરનેસ પ્રોગ્રામ" વિશેની માહિતીમાં સિબ્તે નબવી, સિબ્તે સાદિક અને સિબ્તે રઝા નામની કિતાબોના નામ છપાયેલ છે, જેના સાચા નામ તિબ્બે નબી, તિબ્બે સાદિક, અને તિબ્બે રઝા છે.


*ખુશખબર* *ખુશખબર* *ખુશખબર*

ખાદીમભાઈ થરાદરા (વાધણાવાળા) ૯૪૨૯૪૨૪૬૭૦, ૭૩૮૩૦૭૬૯૭૬

મુસ્તાકઅલી ઢુકકા (કાકોશીવાળા) ૯૯૭૮૨૫૫૪૨૧

# ફેમસ ફુટવેર (હોલસેલ વહેપારી)

તમામ હોટલ અને પાનગલ્લાવાળા ભાઈઓને જણાવતાં આનંદ અનુભવીએ છીએ કે અમારું નવીન સાહસ ફેમસ ફુટવેરના નામે ચાલુ કરેલ છે. તો સાથ સહકાર આપવા વિનંતી છે.

અમારે ત્યાં પાનગલ્લા પર વેચાતી ચંપલ એટલે કે યુરોસોફ્ટ જેન્ટ્સ ચપ્પલ, યુરોસોફ્ટ લેડીઝ ચપ્પલ, કાનપુર લેડીઝ ચપ્પલ, સેન્ડલ, પ્લાસ્ટીક ચપ્પલ, વગેરે આઈટમ હોલસેલ ભાવે મળશે. ભાવ બાબતે અમારા નંબર પર સંપર્ક કરી શકો છો.

૬, લાખાની એસ્ટેટ, ઓવરબ્રીજ કોર્નર, અંબિકા પેટ્રોલ પંપની સામે, ઉજાલા ચોકડી, સરખેજ અમદાવાદ - ૩૮૩૨૧૦



# ૨૫૮

**સંપાદન :** મો.મોહસિનહુસૈન માણસીયા (સદીકપુર)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | | ■ | ૭ | | | ■ | ૮ | |
| ૯ | ૧૦ | | ■ | | ■ | ૧૧ | | | ■ |
| ૧૨ | | ■ | ૧૩ | | ૧૪ | ■ | ■ | ૧૫ | ૧૬ |
| ■ | ૧૭ | ૧૮ | | ■ | ૧૯ | | ૨૦ | ■ | |
| ૨૧ | ■ | ૨૨ | | ૨૩ | | ■ | ૨૪ | | ■ |
| ૨૫ | | | ■ | ૨૬ | | ૨૭ | | ■ | ૨૮ |
| | ■ | ■ | ૨૯ | | ■ | | ■ | ૩૦ | |
| ■ | ૩૧ | | | ■ | ૩૨ | | ૩૩ | ■ | |
| ૩૪ | | ■ | ૩૫ | | | ■ | ૩૬ | | |

### ::::: આડી ચાવીઓ :::::

(૧) અલ્લાહ એનો બદલો આપે (૫)
(૪) રાજસભા, કચેરી, બાદશાહનું સભાસ્થાન (૪)
(૭) ગઝલમાં કાફિયા બાદ વારંવાર આવતો શબ્દ, અંત્યાનુપ્રાસ (૩)
(૮) નબીનો જાનશીન (૨)
(૯) પરસ્પર, અંદરોઅંદર (૩)
(૧૧) કબરમાં સવાલ પૂછનાર (૩)
(૧૨) ભીનું, ભેજવાળું, તરબોળ (૨)
(૧૩) ઉદર, પેટ, કૂખ (૩)
(૧૫) એક દેશનું નામ (૨)
(૧૭) હિંમત, મઝ્દૂર (૩)
(૧૯) જીવનતરાહ, જીવનશૈલી (૩)
(૨૨) ઈદ કે જુમ્આની નમાઝનું સ્થળ (૪)
(૨૪) વાંકું વળેલું (૨)
(૨૫) કુરઆન મોઢે કરનાર, હિફાઝત કરનાર (૩)
(૨૬) સ્વભાવ, પ્રકૃતિ (૪)
(૨૯) વાળ, રૂંવાટી (૨)
(૩૦) હાલત, પરિસ્થિતિ (૨)
(૩૧) ઈમામ જાફર સાદિક (અ.)થી સંબંધિત (૪)
(૩૨) જમાનો, યુગ (૩)
(૩૪) નાશવંત, નાશ પામનાર (૨)
(૩૫) ચંદ્ર, ચાંદ (૩)
(૩૬) રોગી, દરદી (૩)

### ::::: ઊભી ચાવીઓ :::::

(૧) મનની ભાવનાઓ, મનોભાવ (૪)
(૨) પેન, લખવા માટેનું સાધન (૩)
(૩) હલનચલન (૪)
(૪) દાટવું તે (૩)
(૫) રસોઈયો, ભઠીયારો (૪)
(૬) જખમમાંથી નીકળતું પ્રવાહી (૨)
(૧૦) કા'બા, અલ્લાહનું ઘર, જનાનખાનું (૩)
(૧૩) (અરબીમાં) શહેર (૩)
(૧૪) શિખામણ, ઉપદેશ (૪)
(૧૬) અવાજ, સ્વર (૨)
(૧૮) ધર્મની દૃષ્ટિએ યોગ્ય, વર્જ્ય (૩)
(૨૦) મંચ, રાજગાદી (૩)
(૨૧) ફરિયાદ (૩)
(૨૩) બેદરકાર (૩)
(૨૭) અલ્લાહનું એક નામ (૩)
(૨૮) પડકાર, મોટા અવાજે કહેવું કે ગાવું (૪)
(૨૯) ઝીણું, આંખેથી ન દેખાય તેવું (૩)
(૩૧) જાન આપવા કે લેવા તૈયાર, પ્રાણપ્રિય, અત્યંત વહાલું (૨)
(૩૨) સોનું (૨)
(૩૩) પયગમ્બર (૨)



# કુરઆન શિક્ષણ

**નબીઓ અને ઇમામો વિષેની આયતો**

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદ્દે.)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

شَرَعَ لَكُمْ مِّنَ الدِّيْنِ مَا وَصّٰى بِهٖ نُوْحًا
وَّ الَّذِيْٓ اَوْحَيْنَآ اِلَيْكَ وَ مَا وَصَّيْنَا
بِهٖٓ اِبْرٰهِيْمَ وَ مُوْسٰى وَ عِيْسٰٓى اَنْ اَقِيْمُوا
الدِّيْنَ وَ لَا تَتَفَرَّقُوْا فِيْهِ ؕ كَبُرَ عَلَى
الْمُشْرِكِيْنَ مَا تَدْعُوْهُمْ اِلَيْهِ ؕ ... ﴿١٣﴾

❂ તેણે તમારા માટે એ જ ધર્મ નક્કી કર્યો છે કે જેની તેણે નૂહને આજ્ઞા કરી હતી, અને જેની અમોએ ઈબ્રાહીમ તથા મૂસા તથા ઈસાને પણ (પાળવાની) આજ્ઞા કરી હતી કે દીનને કાયમ રાખો, અને તેના સંબંધમાં મતભેદમાં વહેંચાઈ ન જાઓ; જે ધર્મ તરફ તું મુશરિકોને બોલાવે છે તે તેમના માટે અત્યંત ભારે થઈ પડ્યો છે...

**(પારો-૨૫, સૂરા શૂરા, આયત-૧૩)**

---

ذٰلِكَ الَّذِيْ يُبَشِّرُ اللّٰهُ عِبَادَهُ الَّذِيْنَ اٰمَنُوْا
وَ عَمِلُوا الصّٰلِحٰتِ ؕ قُلْ لَّآ اَسْـَٔلُكُمْ
عَلَيْهِ اَجْرًا اِلَّا الْمَوَدَّةَ فِي الْقُرْبٰى ؕ وَ مَنْ
يَّقْتَرِفْ حَسَنَةً نَّزِدْ لَهٗ فِيْهَا حُسْنًا ؕ اِنَّ
اللّٰهَ غَفُوْرٌ شَكُوْرٌ ﴿٢٣﴾

❂ એ જ (અલ્લાહની) તે (કૃપા) છે કે જેની અલ્લાહ પોતાના બંદાઓને કે જેઓ ઈમાન લાવ્યા તથા નેક કામો કર્યાં, ખુશખબર આપે છે; (હે રસૂલ!) કહે કે હું તો આ (રિસાલતના પ્રચાર) માટે તમારી પાસે કાંઈ મહેનતાણું માગતો નથી, કિન્તુ મારા નિકટના સગાવહાલાઓનો પ્રેમ; અને જે કોઈ નેકી કરશે તો અમે (તેની) નેકી વધારી દઈશું; બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) મહાન શુક્રગુઝાર (કદરદાન) છે. **(પારો-૨૫, સૂરા શૂરા, આયત-૨૩)**

---

فَاصْبِرْ كَمَا صَبَرَ اُولُوا الْعَزْمِ مِنَ الرُّسُلِ
وَ لَا تَسْتَعْجِلْ لَّهُمْ ؕ كَاَنَّهُمْ يَوْمَ يَرَوْنَ مَا

❂ માટે (હે રસૂલ !) તું પણ એવી જ ધીરજ ધર જેવી કે રસૂલોમાંથી ઉલુલ અઝ્મ (મહા હિંમતવાળા) રસૂલોએ ધરી હતી, અને તેમના માટે

يُوعَدُوْنَ ۙ لَمْ يَلْبَثُوْٓا اِلَّا سَاعَةً مِّنْ نَّهَارٍ ؕ بَلٰغٌ ۚ فَهَلْ يُهْلَكُ اِلَّا الْقَوْمُ الْفٰسِقُوْنَ ﴿۳۵﴾

(અઝાબની) ઉતાવળ ન કર; જે દિવસે આ લોકો તે (અઝાબ) નિહાળશે કે જેનો તેમને વાયદો કરવામાં આવે છે ત્યાં તેમને એવું લાગે છે કે દિવસના એક કલાક કરતાં વધુ (સમય) તેઓ દુનિયામાં થોભ્યા ન હતા, (હે રસૂલ !) તારો (સંદેશો) પહોંચાડવો જ બસ છે. શું નાફરમાન લોકો સિવાય અન્ય કોઈ નાશ પામશે ?

**(પારો-૨૬, સૂરા અલ્કાફ, આયત-૩૫)**

---

مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ ؕ وَ الَّذِيْنَ مَعَهٗٓ اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ رُحَمَآءُ بَيْنَهُمْ تَرٰىهُمْ رُكَّعًا سُجَّدًا يَّبْتَغُوْنَ فَضْلًا مِّنَ اللّٰهِ وَ رِضْوَانًا ۫ سِيْمَاهُمْ فِيْ وُجُوْهِهِمْ مِّنْ اَثَرِ السُّجُوْدِ ؕ ذٰلِكَ مَثَلُهُمْ فِى التَّوْرٰىةِ ۛۚ وَ مَثَلُهُمْ فِى الْاِنْجِيْلِ ۛۚ كَزَرْعٍ اَخْرَجَ شَطْـَٔهٗ فَاٰزَرَهٗ فَاسْتَغْلَظَ فَاسْتَوٰى عَلٰى سُوْقِهٖ يُعْجِبُ الزُّرَّاعَ لِيَغِيْظَ بِهِمُ الْكُفَّارَ ؕ وَعَدَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ مِنْهُمْ مَّغْفِرَةً وَّ اَجْرًا عَظِيْمًا ﴿۲۹﴾

❂ મોહંમદ અલ્લાહનો રસૂલ છે; અને જેઓ પણ વાસ્તવમાં તેની સાથે છે તેઓ નાસ્તિકો પર ભારે છે અને આપસમાં રહેમદિલ; તું તેમને રુકૂઅ તથા સજ્દાની સ્થિતિમાં જોશે કે તેઓ અલ્લાહની કૃપા તથા તેની ખુશી ચાહતા રહે છે, તેમના ચહેરાઓમાં સજ્દાના ચિહ્નો મોજૂદ છે; તેમનો આ દાખલો તોરાતમાં વર્ણવેલ છે, અને તેમનો દાખલો ઈન્જીલમાં પણ વર્ણવવામાં આવ્યો છે કે તેઓ એક એવી ખેતીના જેવા છે કે જેણે પોતાની કુંપળો કાઢી હોય, પછી તેને બળ આપ્યું હોય, પછી તે મોટી થઈ હોય, પછી તે પોતાના થડ ઉપર મજબૂત રીતે ઊભી થઈ ગઈ હોય, (અને) તે ખેતી કરનારાઓને પણ અજાયબીમાં નાખી દેતી હોય કે જેથી તે (અલ્લાહ) નાસ્તિકોને તેમના કારણે ક્રોધ ચઢાવે; અલ્લાહે તે લોકોથી કે જેઓ તેમાંથી ઈમાન લાવ્યા છે અને સત્કાર્યો કર્યાં છે, તેમને માફી અને ઘણા મોટા બદલાનો વાયદો કરી લીધો છે.

**(પારો-૨૬, સૂરા ફત્હ, આયત-૨૯)**



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅહેમદ ઝેડ. જાફરી

કિતાબ : ઈર્શાદાતે રસૂલ (સ.)

## ૩૧ મોત વિષે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَجَآءَتْ سَكْرَةُ الْمَوْتِ بِالْحَقِّ ذٰلِكَ مَا كُنْتَ مِنْهُ تَحِيْدُ ﴿١٩﴾

*(મોતની બેહોશી ચોક્કસ આવશે તો અમે બતાવી દઈશું કે આ તે જ દશા છે કે જેનાથી તું નાસતો ફરતો હતો.)*

(સૂરા કાફ, આયત-૧૯)

(૪૪૨) બોધપાઠ માટે મોત કાફી છે.

(ઉસૂલે કાફી, જિલ્દ-૩, હદીસ-૧)

(૪૪૩) જેણે આવતીકાલના દિવસને પોતાની ઉંમરનો ભાગ સમજી લીધો તેણે મોતની સાથે ભલાઈ નથી કરી.

(મજાઝાત અલ-નબવિયા, સફા-૨૭૦)

(૪૪૪) જે પોતાનું કફન તૈયાર રાખે છે તે જ્યારે પણ કફન પર નજર નાખે છે તો તેને સવાબ મળે છે.

(અમાલી અલ-સદૂક, મજલિસ-૫૩, હદીસ-૪)

(૪૪૫) આશાઓ ફળીભૂત થતાં પહેલાં મોત આવી જાય છે. (ઈર્શાદુલ કુલૂબ, દયલમી, સફા-૫૭)

(૪૪૬) મોજશોખના આનંદને નાબૂદ કરનારી બાબતોનું વર્ણન વધારેમાં વધારે કરો.

(ઈસ્નાઅશરીયા, સફા-૧૪)

(૪૪૭) જો પશુઓને મોતની માણસ જેટલી જ જાણકારી હોત તો તમને ભરાવદાર માંસ ન મળત (મોતના ભયથી બધાં જ નબળાં થઈ જાત).

(મજમુઆ વરામ, જિલ્દ-૧, સફા-૨૬૮)

(૪૪૮) મોતનો ઝિક્ર વધારેમાં વધારે કરો કારણ કે તેમ કરવાથી ગુનાઓ નાબૂદ થાય છે અને દુનિયામાં પરહેજગારી અપનાવવાની પ્રેરણા મળે છે.

(મજમુઆ વરામ, જિલ્દ-૧, સફા-૨૬૮)

(૪૪૯) તમારામાંથી સૌથી બુધ્ધિશાળી એ છે કે જે મોતનું વર્ણન વધારે કરે છે અને તમારામાંથી સૌથી વધારે સાવચેત એ છે કે તેના માટે વધારેમાં વધારે તૈયારી કરે છે.

(બિહારુલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૧૭૬)

(૪૫૦) મોમિન માટે મોત ઈમાનના ફૂલ જેવું છે.

(મજાઝાત અલ-નબવિયા, સફા-૨૧૦)

(૪૫૧) એક જણે પૂછ્યું, "હે રસૂલલ્લાહ (સ.) ! લોકોમાં સૌથી વધારે પરહેઝગાર કોણ છે?"

આપે જવાબમાં ફરમાવ્યું, "જે કબરને ન ભૂલે, દુનિયાના મોજશોખનો ત્યાગ કરે અને જે બાકી રહેવાનું છે તેને જે ફના થઈ જવાનું છે તેના ઉપર વધારે પ્રાથમિકતા આપે અને આવતીકાલને તેના જીવનનો એક ભાગ ન ગણે અને પોતાની જાતને કબરવાળા લોકોમાંથી જ ગણે.

(મજમુઆ વરામ, જિલ્દ-૧, સફા-૨૮૪)

(૪૫૨) બે બાબતો એવી છે કે જેને માણસ અનિચ્છનીય ગણે છે. મોતને અનિચ્છનીય ગણે છે, પરંતુ મોમિન માટે મોત દુનિયાના ફિત્નાથી રાહત છે અને તે ધનદોલતની તંગીને અનિચ્છનીય સમજે છે, પરંતુ ધનદોલતની તંગી કયામતના દિવસના હિસાબને ઓછો કરે છે.

(ખિસાલ સદૂક, બાબુલ અંબિયા, હદીસ-૯૯)

(૪૫૩) દરેક ચાલનારનો કોઈને કોઈ હેતુ હોય છે અને બધા લોકોનો આખરી હેતુ મોત છે. (ઈસ્નાઅશરીયા, સફા-૧૬ અને ૧૮)

(૪૫૪) આપ (સ.)એ ફરમાવ્યું, "બેશક એ દિલોને પણ એવી જ રીતે કાટ લાગી જાય છે કે જેવી રીતે લોખંડને કાટ લાગે છે." આપને પૂછવામાં આવ્યું, "શું તેને કોઈ રીતે ફરી ચમકાવી શકાય છે ?" આપે ફરમાવ્યું, "હા, મોતને યાદ કરીને અને કુરઆનની તિલાવત કરીને."

(ઈસ્નાઅશરીયા, સફા-૧૬ અને ૧૮)

(૪૫૫) જે મોતની રાહ જોતો હશે તે નેક કામોમાં ઉતાવળ કરશે.

(બિહારૂલ અન્વાર)

(૪૫૬) તમારા મરેલા સગાઓની કબરોની ઝિયારત કરવા જાઓ અને તેમના માટે રહેમત માગો અને તેમના પર સલામ મોકલો કારણ કે એમ કરવાથી તમને બોધપાઠ મળે છે.

(મજમુઆ વરામ, જિલ્દ-૧, સફા-૨૮૮)

(૪૫૭) મોજશોખના આનંદને નાબૂદ કરનાર મોતને વધારે યાદ કરતા રહો કારણ કે જો તમે ધનદોલતની તંગી અનુભવતા હશો તો તે તમને સમૃધ્ધિની અનુભૂતિ કરાવશે. (આ તંગી ફક્ત દુનિયાના જીવન પૂરતી જ છે.) જેને તમે સ્વેચ્છાથી કબૂલ કરશો અને સવાબના હકદાર બનશો. તમને તમારી ધનદોલત દુશ્મન જેવી લાગશે અને જો તમને ધનદોલતની સમૃધ્ધિ મળેલી હોય તો મોતનો ઝિક્ર કરો, આમ કરવાથી તમે દાનવીર બનશો અને સવાબ હાંસિલ કરશો કારણ કે મોત ઈચ્છાઓને નાબૂદ કરે છે અને દિવસે દિવસે મોત નજીક આવે છે. મોત વખતે બંદો તેણે અગાઉ મોકલેલા આમાલ જુએ છે, તે નેક હોય અથવા ખોટા હોય તે પોતાની મોહતાજી અને તવંગરીને પણ જુએ છે અને જે મૂકીને જઈ રહ્યો છે તેને પણ જુએ છે અને પોતાની એ દોલતને પણ જુએ છે કે જે હરામ રાહે ભેગી કરેલી છે અને જેના હકકોની અદાયગી

કરી નથી.

(ઈર્શાદુલ કુલૂબ, દયલમી, સફા-૧૭)

(૪૫૮) જ્યારે તમે કોઈ જનાઝાની પાછળ ચાલો તો તમારી બુધ્ધિએ તેના વિષે મનોમંથન કરવું જોઈએ અને દિલમાં એવું યકીન પેદા કરો કે તમારે પણ એ મરનારાઓની સાથે મળવાનું છે.

(બિહારુલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૮૨)

(૪૫૯) ત્રણ બાબતોનું વર્ણન વધારેમાં વધારે કર્યા કરો કે જે તમારા માટે તકલીફોને આસાન કરશે. (૧) મોત (૨) કબરમાંથી ઊભા થવું અને (૩) અલ્લાહની સમક્ષ હિસાબ માટે હાજર થવું.

(ઈસ્નાઅશરીયા, સફા-૯૪)

(૪૬૦) હે લોકો ! જાણી લો કે કબર પાંચ બાબતો વિષે વાત કરે છે. કહે છે, "હે આદમની ઓલાદ ! તમે મારી પીઠ પર ઘમંડપૂર્વક ચાલો છો, પણ આખરે તમારે મારી પીઠમાં દાખલ થવાનું છે. (૨) મારી પીઠ પર મોજમજા કરો છો પણ મારી પીઠમાં દાખલ થઈને ગમગીન થઈ જશો. (૩) મારી પીઠ પર ગુના આચરો છો પણ મારી પીઠમાં દાખલ થઈને સકંજામાં અને અઝાબમાં સપડાશો. (૪) મારી પીઠ પર હસ્યા કરો છો પણ મારી પીઠમાં દાખલ થઈને રડવા લાગશો. (૫) મારી પીઠ પર હરામનું ખાઓ છો પણ મારી પીઠમાં દાખલ થશો તો જીવડાં તમને ખાશે.


(ઈસ્નાઅશરીયા, સફા-૨૦૪)


મોમિન રોશનઅલી મો.૯૪૨૭૦ ૮૬૦૧૦ મોમિન મોહસિનઅલી મો.૯૦૯૯૬૧૭૯૫૦

મોમિન હાસમભાઇ મો.૯૪૨૯૩ ૮૨૬૬૪

(રસુલપુર – ખેરાલુવાળા)





યાદગાર હાર્ડવેર

હાર્ડવેર, પ્લાયવુડ, પ્લમ્બર પાઇપ ફીટીગ

સામાનના છૂટક તથા જથ્થાબંધના વહેપારી.

૩૦, ડિવાઇન પ્લાઝા શોપીગ સેન્ટર, બસ સ્ટેન્ડ રોડ, વડનગર.

# ઝિયારતે વારેસાની તફસીર

(ગતાંકનુ ચાલુ)

**ઝકાતના ફાયદા :**

ઝકાત અદા કરવામાં ખૂબ જ રહસ્ય સમાયેલું છે અને તે ઘણા બધા લાભોને સલામત બનાવી દે છે. નીચે અમે કેટલાક લાભો દર્શાવ્યા છે :

(૧) જયારે ઝકાત અદા કરવામાં આવતી નથી તો ધરતી તેની નેઅમતોને અને ખજાનાઓને રોકી દે છે. આ સંદર્ભમાં ઈમામ મોહંમદ બાકિર (અ.) માહિતી આપે છે : 'અમે પયગમ્બરે પાક (સ.)ની કિતાબમાં લખેલું જોયું છે, જયારે ઝકાત આપવાને ટાળવામાં આવે છે ત્યારે ધરતી સંખ્યાબંધ નેઅમતોને જેવી કે અનાજ, ફળફળાદી અને ખનીજને રોકી દે છે. (ઉસૂલે કાફી, જિલ્દ-૨, પેજ-૩૭૪, હદીસ-૨)

(૨) ઝકાતની અદાયગીથી ધનદોલતમાં વધારો થવો તે એક બીજો લાભ છે. પયગમ્બરે પાક (સ.) સલાહ આપે છે : 'જયારે તમે એવું ઈચ્છો કે અલ્લાહ તમારી પાસેની ધનદોલતમાં બરકત આપે તો તમારે તેના ઉપર ઝકાત ચૂકવવી જ જોઈએ.'

(બિહારુલ અન્વાર, જિલ્દ-૯૬, પેજ-૨૩, હદીસ-૫૬)

ખરેખર પોતાની સંપત્તિ ઉપર ઝકાત આપવાથી તેમાં ઘટાડો થતો નથી. આ મુદ્દા ઉપર ઈમામ હસન મુજતબા (અ.)એ ખૂબ ભાર મૂકયો છે. (બિહારુલ અન્વાર, જિલ્દ-૯૬, પેજ-૨૩, હદીસ-૫૬)

**ઝકાત દરેક વસ્તુઓની હોય છે :**

માઅસૂમીન (અ.)ની હદીસો અનુસાર દરેક નેઅમત ઝકાતને પાત્ર છે.

નીચે આપેલા કોઠામાં અમે અલ્લાહની કેટલીક નેઅમતોનો ઉલેખ કર્યો છે અને તેની સામેના ખાનામાં દરેક નેઅમતની ઝકાત કઈ છે તે દર્શાવ્યું છે :

| નેઅમત | ઝકાત |
|---|---|
| સત્તા / શકિત | - ન્યાય |
| સુંદરતા | - પાકદામની / પવિત્રતા |
| સમૃદ્ધિ | - અલ્લાહની ફરમાબરદારીમાં સંપૂર્ણ વ્યસ્તતા |
| બહાદુરી | - અલ્લાહના માર્ગમાં જિહાદ |
| શારીરિક તંદુરસ્તી | - રોઝા રાખવા |
| ઈલ્મ | - અન્ય લોકોમાં તેનો ફેલાવો કરવો |

જો આપણે આપણી જાતને ઈમામ હુસૈન અને અહલેબૈત (અ.)ના સાચા પયરવ સમજતા હોઈએ અને આ વિચારથી ગર્વ અને રાહત મેળવતા હોઈએ તો પછી આપણે આ મહત્ત્વના ઋણ (ઝકાત)ને અદા કરવું જોઈએ. આપણે આપણા મૌલા (હુસૈન (અ.))નું આ બાબતમાં અનુસરણ કરવું જોઈએ અને તેમના પસંદ થયેલા પયરવોમાં આપણી જાતની

ગણતરી કરાવવી જોઈએ. બેશક આનાથી આપણે ઈમામ હુસૈન (અ.)ના પ્રિયપાત્ર બનીશું અને ઈમાનના સર્વોચ્ચ દરજ્જા સુધી પહોંચી જઈશું.

اَشْهَدُ ... اَمَرْتَ بِالْمَعْرُوْفِ وَنَهَيْتَ عَنِ الْمُنْكَرِ:

*'હું ગવાહી આપું છું કે આપે અમ્ર બિલ માઅરૂફ અને નહ્યે અનિલ મુન્કર કરવાનો આદેશ આપ્યો.'*

અમ્ર બિલ માઅરૂફ (ભલાઈ તરફ જવા માટે કહેવું) અને નહ્યે અનિલ મુન્કર (બૂરાઈથી રોકવું) આ બન્ને એવી સિફતો છે કે જે ઈમામ હુસૈન (અ.)ની અંદર સાકાર થઈ છે. આ સિફતો ખૂબ બુલંદ છે કે જેમના આશ્રય નીચે ઈમામ હુસૈન (અ.)એ પોતાનું જીવન વ્યતીત કર્યું અને છેવટે કુરબાનીનો દરજ્જો પ્રાપ્ત કરવા માટે પોતાનો જીવ આપી દીધો. કરબલા માટે વિદાય થતાં પહેલાં આપ (અ.) પોતાના ભાઈ મોહંમદ હન્ફીયા આગળ બરાબર આવી જ ઈચ્છા પ્રગટ કરે છે : 'હું ન તો જીદમાં કે ન તો હઠાગ્રહમાં (વતનથી) વિદાય થાઉં છું કે ન તો વિસંવાદિતા (ઝઘડો ફિસાદ) પેદા કરવા જાઉં છું, પરંતુ હું (કરબલા તરફની) આ મુસાફરી અમ્ર બિલ માઅરૂફ અને નહ્યે અનિલ મુન્કર માટે ખેડું છું.'

હવે આપણે આપણી જાતને પૂછવું પડશે કે શું આપણે આ બન્ને સિફતોને વફાદારીપૂર્વક પરિપૂર્ણ કરી છે ખરી ? ખરેખર જો આપણે આ બન્ને જવાબદારીઓને પરિપૂર્ણ કરવામાં ફરજપાલક હોઈશું તો સમાજમાં અસ્તિત્વ ધરાવતાં બધાં જ અનિષ્ટોને જડમૂળથી નાબૂદ કરી દઈશું. બીજી અસર એ પેદા થશે કે અનિષ્ટ તેનું કદરૂપું માથું ઊંચકતાં અચકાશે જ્યારે કે તેની મનાઈ સમાજનો એક ધારો બની ગયો હશે.

કલામે પાક કુરઆન ફરમાવે છે :

وَلْتَكُنْ مِّنْكُمْ اُمَّةٌ يَّدْعُوْنَ اِلَى الْخَيْرِ وَيَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ ؕ وَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ﴿١٠٤﴾

*'અને લાઝિમ છે કે તમારા માંહેના થોડાંક લોકો એવા હોવા જોઈએ કે જે (બીજાઓને) નેકી તરફ બોલાવે તથા નેક કાર્યોની આજ્ઞા કરે તથા બૂરાં કાર્યોની મનાઈ કરે, અને તેઓ જ સફળતા પામનારા છે.'*

(આલે ઈમરાન, સૂરા-૩, આયત-૧૦૪)

બીજી એક જગ્યાએ અમ્ર બિલ માઅરૂફ અને નહ્યે અનિલ મુન્કર ઉપર એવી ખાસિયતો હોવાનો ભાર મૂકવામાં આવ્યો છે કે જેના વડે મોમિનો પોતાની જાતને શણગારે છે :

وَالْمُؤْمِنُوْنَ وَالْمُؤْمِنٰتُ بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ ۘ يَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ... ﴿٧١﴾

*'અને મોમિન પુરુષો તથા મોમિના સ્ત્રીઓ એકબીજાના મિત્રો છે, તેઓ (પરસ્પર) નેકીની આજ્ઞા કરે છે અને બદીની (સતત) મનાઈ કરે છે.'*

(સૂરા તૌબા, સૂરા-૯, આયત-૭૧)

રસૂલલ્લાહ (સ.) ફરમાવે છે : 'એ કે જે અમ્ર બિલ માઅરૂફ અને નહ્યે અનિલ મુન્કરને પરિપૂર્ણ કરે છે તે અલ્લાહનો અને તેના રસૂલ (સ.)નો પૃથ્વી ઉપરનો પ્રતિનિધિ છે.' (મુસ્તદરક અલ વસાઈલ, જિલ્દ-૧૨, પેજ-૧૭૯, હદીસ-૧૩૮૧૭)

બીજી એક હદીસમાં પયગમ્બરે પાક (સ.) જણાવે છે : 'ખરેખર અલ્લાહ ધિક્કારે છે એવા નબળા મોમિનને કે જેનો કોઈ ધર્મ નથી.' રસૂલલ્લાહ (સ.)ને પૂછવામાં આવ્યું, 'એ નબળો મોમિન કોણ છે કે જેને કોઈ ધર્મ નથી ?' રસૂલે પાક (સ.)એ જવાબ આપ્યો, 'એવો કે જે લોકોને બૂરાઈની મનાઈ કરતો નથી.' (ઉસૂલે કાફી, જિલ્દ-૫, પેજ-૫૯, હદીસ-૧૫)

**બૂરાઈની મનાઈ કરવાનાં ઓછામાં ઓછાં સ્તર :**

મોમિન હોવાની સિફત હોવાની આપણી એ ફરજ છે કે જ્યારે જ્યારે આપણને તક મળે ત્યારે ત્યારે અલ્લાહની નાફરમાનીના કાર્યને નિષ્ફળ બનાવવાનો પ્રયત્ન કરવો. આ એ બાબત છે કે જેનો રસૂલે પાક (સ.)એ આપણને હુકમ કર્યો છે : 'જ્યારે જ્યારે તમારામાંથી કોઈ બૂરાઈને આચરવામાં આવતી નજરોનજર જુએ તો તમારે તેને રોકવી જ જોઈએ. જો તમે તેને શારીરિક રીતે અવરોધી શકતા ન હો તો પછી તમારે તેનો શાબ્દિક રીતે વિરોધ કરવો જ જોઈએ. જો તમે એવું પણ કરી શકતા ન હો તો પછી તમારે તમારા દિલમાં (તે બૂરાઈની વિરુધ્ધ) નફરત કરવી જ જોઈએ.

(મુન્તખબ મિઝાનુલ હિકમત, પેજ-૪૩૫)

અમીરુલ મોમિનીન, ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ (અ.) ચેતવણી આપે છે : 'એ કે જે પોતાના દિલથી તેના હાથથી, અથવા તેની જીભથી બૂરાઈ પ્રત્યે અણગમો અને તિરસ્કાર ન દર્શાવે તે જીવતા માણસો વચ્ચે મડદા જેવો છે.'

(તેહઝીબ, જિલ્દ-૬, પેજ-૧૮૧, હદીસ-૩૭૪)

وَاَطَعْتَ اللّٰهَ وَرَسُوْلَهٗ

*'તમે અલ્લાહ અને તેના રસૂલ (સ.)ની ફરમાબરદારી કરી.'*

બીજા ઈમામોની માફક, ઈમામ હુસૈન (અ.) પણ અલ્લાહ અને તેના રસૂલ (સ.) પ્રત્યેની ફરમાબરદારી અને તાબેદારીનો નમૂનો (role model) હતા. હકીકતમાં તેઓ નીચેની કુરઆની આયતનું જીવંત ઉદાહરણ હતા :

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ... ﴿٥٩﴾

*'અય તું કે જે ઈમાન ધરાવે છે ! અલ્લાહની ફરમાબરદારી કર અને રસૂલની પણ...'*

(સૂરા-નિસા, સૂરા-૪, આયત-૫૯)

અને ફરમાબરદારી અને સમર્પણના આ માર્ગમાં તેમણે કોઈ પણ આરોપ કરનારના આરોપ તરફ ધ્યાન આપ્યું નહીં. તેમણે ઈલાહી આજ્ઞાપાલનના ભોગે લોકોની ખુશી મેળવવાની કદી ઈચ્છા કરી નહીં. માણસની અંદરની અનૈતિકતા અને નાપાકીની સૌથી દેખીતી નિશાની હોય છે તેનાથી સંતોષ અને આનંદ માટેના સર્જનની તીવ્ર ઈચ્છા, ભલેને પછી તે તેના રાઝિક અને ખાલિક અલ્લાહની નારાજગી અથવા અસંતોષને વહોરી લે. ઈમામ હુસૈન (અ.)ની નીતિમત્તા ઉપરથી આપણે એક અગત્યનો સબક મેળવીએ છીએ - તેમના પયરવ તરીકે આપણે આપણા દોસ્તો અને સંબંધીઓને ઉપકારવશ બનાવવા અલ્લાહની રજામંદી અને

સંતોષ સાથે સમાધાન કદી પણ કરવું ન જોઈએ. જો આપણે કદી પણ આવી દ્વિધાને સામે લાવીએ તો આપણે કદી પણ અચકાવું ન જોઈએ, એક ક્ષણ માટે પણ અલ્લાહની રજામંદી અને ઈચ્છાઓ ઉપર આપણા સ્વજનોની રજામંદી અને ઈચ્છાઓ પર પણ. હકીકતમાં જો આપણે આપણા સંબંધીઓને અને દોસ્તોને એવાં કાર્યોમાં રચ્યાપચ્યા જોઈએ કે જેનાથી ઈલાહી ગઝબ ઉત્પન્ન થાય તો આપણે તેમને ચેતવણી આપી દેવી જોઈએ અને આવાં કાર્યો કરતાં તેમને રોકી લેવા જોઈએ. નાઊઝોબિલ્લાહ આપણે તેમનાં કાર્યોથી સંતોષ અનુભવીએ તો આપણે પણ તેમનાં ગુનાહિત કાર્યોમાં ભાગીદાર બનીશું. (ક્રમશ:)


ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩
બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)


**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**

**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં **LED** મુવીંગ ડીસપ્લે, **LED** ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક **& LED** બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે **LED** સીરીઝ, **LED** પટ્ટા, **LED** બોર્ડ તેમજ **LED**ને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીગલ શોપીંગ સેન્ટર, વડનગર.**

# હઝરત ઈમામ જાફર સાદિક (અ.)

:::: અનુવાદક ::::
હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

## વૃધ્ધાવસ્થાનો સવાલ

(ગતાંકનુ ચાલુ)

જો ઈરાદાનું નામ રૂહ રાખી લેવામાં આવે તો કોઈને વાંધો નહીં આવે કારણ કે ઈરાદાનો સ્પષ્ટ અને સ્પર્શ કરી શકાય તેવી કાઇનાતના સ્વરૂપમાં અનુભવ કરી શકાય છે અને તેના વડે જે સર્જન થયું છે તેની રૂહ અને શરીરમાં કોઈ ફેર નથી, પરંતુ જે માણસ તોહીદમાં માનનારો નથી તે ઈરાદાને અને તેના વડે પેદા થનારા સર્જનને રૂહ અને શરીરની સરખામણીમાં વધારે સારી રીતે સ્વીકારી શકે છે. આ ઈરાદો અને તેના વડે અસ્તિત્વમાં આવનારું સ્પષ્ટ અને સ્પર્શી શકાય તેવું સર્જન આપણી અંદર પણ રહેલું છે અને આપણો ઈરાદો જીવતા રહેવા માટે આપણી અંદર રહેલી રૂહ છે અને આપણી અંદર રહેલું સ્પષ્ટ અને સ્પર્શી શકાય તેવું સર્જન આપણું શરીર છે.

મેં કહ્યું તેમ, માણસના અસ્તિત્વમાં જીવતા રહેવાના ઈરાદા કરતાં વધારે મજબૂત કોઈ ઈરાદો નથી. જે માણસ તોહીદમાં નથી માનતો તેને હું કહીશ કે તે ઈરાદાએ ઈચ્છયું કે પોતાનું સ્પષ્ટ અને સ્પર્શી શકાય તેવું અસ્તિત્વ પેદા કરી લે અને તે અસ્તિત્વ કાઇનાત છે કે જેને આપણે જોઈ શકીએ છીએ અને આપણે પોતે પણ તેનો ભાગ છીએ. ફિલોસૉફી પ્રમાણે આ છે કુન ફયકૂનનો અર્થ. જે ઈરાદાએ ઈચ્છ્યું તે થઈ ગયું અને સ્પષ્ટ અને સ્પર્શી શકાય તેવી કાઇનાત અસ્તિત્વમાં આવી ગઈ.

કાઇનાત અને ઈરાદા વચ્ચે એના કરતાં વધારે તફાવત નથી કે માણસ ઈરાદાને જોઈ શકતો નથી અને સ્પર્શ કરી શકતો નથી જ્યારે કે કાઇનાતને જોઈ પણ શકે છે અને સ્પર્શી પણ શકે છે.

જાબિરે કહ્યું કે આવી રીતે તો આપણા મોત પછી પણ ઈરાદો ફના થતો નથી. ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે હા, નથી થતો અને મોત ઈરાદાના સ્પર્શી શકાય તેવા શરીરનો ભાગ છે. હું તમને કહું છું કે આ કાઇનાત કે જેને ઈરાદો અસ્તિત્વમાં લાવ્યો છે, તે જ જીવન છે અને તમને ખબર છે કે કાઇનાતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે જીવિત ન હોય વળી ચેતનહીન પથ્થરો પણ જીવિત છે. તો પછી ઝાડ, પ્રાણીઓ અને નદીઓ અને સમુદ્રોના પાણીની તો વાત જ ક્યાં રહી. જ્યારે ઈરાદાએ કુન કહ્યું તો ફયકૂન (એટલે કે થઈ ગયું) જીવન અસ્તિત્વમાં આવી ગયું.

જીવનમાં મોતનો અર્થ ફના થઈ જવું એમ નથી, પરંતુ જીવનના ફક્ત એક ભાગના એક સ્વરૂપમાં પરિવર્તન છે. જન્મ અને મરણ બન્ને જીવન છે અને આપણે મોતને મનહૂસ અને જન્મને મુબારક એમ સમજવું જોઈએ નહીં કારણ કે બન્ને જીવનનાં બે પાસાં છે. પાણી અને બરફની જેમ, કે જે પાણીની જ બે અવસ્થાઓ છે. જ્યારે કે વાસ્તવિકતાના આધારે પાણી અને બરફમાં કોઈ તફાવત નથી. આપણું જીવન અને રહેણીકરણી પણ આ જ રીતે છે. આ જીવનનાં બે પાસાં છે. જેવી રીતે જન્મ મરણને ખતમ નથી કરી દેતો એવી

જ રીતે મરણ જન્મને ખતમ નથી કરી દેતું.

જો આપણે જન્મ અને મરણને એક જ લાકડીના બે છેડા માની લઈએ તો પછી આવું માની શકાય કે તે લાકડી જીવન છે અને તેનો એક છેડો જન્મનો છેડો છે અને બીજો છેડો મરણનો છેડો છે.

તોહીદમાં માનનારો મોતથી એટલા માટે નથી ડરતો કે તેને ખબર છે કે તે મોત પછી પણ જીવતો રહેશે. જો કોઈ તોહીદમાં ન માનનારો પણ જાણી લે કે મોત જીવનનું બીજું પાસું છે તો તે પણ ક્યારેય મોતથી ડરશે નહીં. જે માણસ અલ્લાહ ઉપર ઈમાન લાવ્યો નથી તેને આ વાત સમજવી પડશે કે તે મોત પછી ફના થઈ જવાનો નથી.

જાબિરે કહ્યું કે જો તે માણસ મને એવું પૂછે કે ઈરાદો કઈ શરતો અને સાધનોને આધીન રહીને જીવનને અસ્તિત્વમાં લાવ્યો છે ? તો હું તેને શું જવાબ આપીશ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે તમે કહેજો કે આપણી બુધ્ધિ અને ચેતના આ વાતને સમજવાની ક્ષમતા ધરાવતાં નથી કે ઈરાદો કયા સાધનો વડે કાઈનાતને અસ્તિત્વમાં લાવ્યો છે, પરંતુ આપણે જોઈ શકીએ છીએ કે કાઈનાત કઈ શરતોને આધીન રહીને અસ્તિત્વમાં આવી છે અને જે શરતોને આધીન રહીને તે અસ્તિત્વમાં આવી છે તે આજે પણ આપણી નજરોની સામે જ છે.

ઈરાદાએ કયા સાધનો વડે આ કાઈનાતને અથવા જીવનને પેદા કર્યું એ વાતને સમજવા માટે આજના કરતાં બુધ્ધિનું વધારે શક્તિશાળી હોવું જરૂરી છે અને આજે જે ઈન્દ્રિયો અસ્તિત્વ ધરાવે છે તેના કરતાં વધારે ઈન્દ્રિયો હોવી જોઈએ.

તમને ખબર છે કે આજે માનવજાતમાં એવા લોકો પણ છે કે જે કોઈ પણ પ્રકારની સુગંધ કે દુર્ગંધને સૂંઘી નથી શકતા કારણ કે તેમની અંદર સૂંઘવાની શક્તિ ઓછી હોય છે.

તમને ખબર છે કે આપણા જેવા માણસોમાં એવા લોકો પણ છે કે જે કંઈ જોઈ શકતા નથી કારણ કે તેમની અંદર જોવાની શક્તિ ઓછી હોય છે. આ વાતને સમજવા માટે કે ઈરાદો કયા સાધનો વડે કાઈનાતને અસ્તિત્વમાં લાવ્યો, આપણી અંદર પણ એવી જ રીતે અનુભવ કરવાની શક્તિ ઓછી રહેલી છે. આપણે આ વિષયને સમજવા માટે આજની બુધ્ધિ કરતાં વધારે શક્તિશાળી બુધ્ધિ અને આજની ઈન્દ્રિયો કરતાં વધારે શક્તિશાળી ઈન્દ્રિયોની જરૂર છે.

જાબિરે પૂછ્યું કે શું એ શક્ય છે કે એક દિવસ એવો આવે કે જયારે આપણે સમજી લઈએ કે કાઈનાત અથવા જીવન કયા સાધનો વડે બનાવવામાં આવ્યું છે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે હા, અય જાબિર ! કારણ કે આજ સુધીના બધા જ સંશોધનોથી સાબિત થઈ ચૂક્યું છે કે વિજ્ઞાન સ્થગિતતા અને પ્રગતિના તબક્કાઓમાંથી પસાર થતું રહ્યું છે. શક્ય છે કે આવનારા સમયમાં વૈજ્ઞાનિક પ્રગતિ થાય અને તે પ્રગતિ વડે માનવજાત સમજી લે કે કાઈનાત કયા સાધનો વડે બનાવવામાં આવી છે.

જાબિરે સવાલ કર્યો કે વૃધ્ધાવસ્થા શાનાથી પેદા થાય છે ? ઈમામ જાફર સાદિક (અ.)એ જવાબ આપ્યો કે માણસની પ્રકૃતિ બે પ્રકારની બીમારીઓમાં સપડાય છે. તેમાંથી એક ઝડપી (acute) કહેવાય છે અને બીજા પ્રકારની બીમારી ધીમી (chronic) કહેવાય છે. ઝડપી બીમારીઓ પ્રકૃતિ ઉપર અચાનક કાબૂ મેળવી લે છે અને તેમની અસર ઝડપથી થઈ જાય છે અથવા તો મોતનું કારણ બને છે.

બીજા પ્રકારની બીમારીઓ ધીમી હોય છે જેમની પ્રગતિ લાંબી અને તબક્કાવાર હોય છે અને આ બીમારીઓ લાંબા સમય સુધી શરીરમાં રહે છે અને કોઈ પણ પ્રકારનો ઈલાજ તેમની ઉપર અસર કરતો નથી એટલે સુધી કે માણસ મૃત્યુ પામે છે. વૃધ્ધાવસ્થા ધીમી બીમારીઓમાંથી એક છે.

જાબિરે કહ્યું, હું પહેલી વાર સાંભળી રહ્યો છું કે વૃધ્ધાવસ્થા એક બીમારી છે.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે હા, આ બીમારી કેટલાક લોકોમાં જલ્દી આવી જાય છે અને કેટલાક લોકોમાં મોડી આવે છે. જે લોકો અલ્લાહ તઆલાના હુકમોને માનતા નથી અને ખોટાં કાર્યોથી દૂર નથી રહેતા તેઓ વહેલા ઘરડા થઈ જાય છે, પરંતુ એ લોકો કે જેઓ અલ્લાહના હુકમને માને છે તેમના ઉપર વૃધ્ધાવસ્થા મોડી આવે છે.

જાબિરે કહ્યું, મારો એક અન્ય સવાલ છે અને તે એ છે કે અલ્લાહ તઆલાની ઈચ્છા માણસને મારવાની જ હતી તો તેને જન્મ શા માટે આપે છે? અને શું આ વાત વધારે સારી ન હતી કે તેને દુનિયામાં મારી નાખવા માટે ન લાવવામાં આવે?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે હું તમને પહેલાં જ કહી ચૂક્યો છું કે મોતનું અસ્તિત્વ જ નથી અને જે કંઈ મારી અને તમારી નજરમાં મોત દેખાય છે તે નવા જીવનની શરૂઆત છે અને અલ્લાહ તઆલા માણસને આ દુનિયામાં એટલા માટે લાવે છે કે માણસ સંપૂર્ણ માણસાઈનો એક તબક્કો અહીં પૂરો કરી લે. આ તબક્કા પછી માણસ આ પહેલાંના તબક્કા કરતાં વધારે સંપૂર્ણ સ્વરૂપમાં બીજી દુનિયામાં જાય છે અને તે દુનિયામાં પણ સંપૂર્ણ માણસાઈનો એક તબક્કો પૂરો કરે છે. (ક્રમશઃ)


# મહેર ટૂર

*ઉમરા ઝિયારત મે-૨૦૧૪ તથા હજ -૨૦૧૪માં જવા ઈચ્છતા દરેક મોમિન ભાઈ-બહેનોએ નીચેના નંબર પર સંપર્ક કરવો.*

**ઈસ્માઈલ ઉસ્તાદ (ઈલોલ તલાવ)**
૯૪૨૬૩ ૪૩૯૦૭, ૯૭૨૭૩૭૪૮૭૮
**અનવરઅલી શરીફભાઈ કડીવાલા (કાકોશી)**
૯૮૭૯૦ ૨૦૬૯૨
**હિદાયતઅલી રહીમભાઈ શેલીયા (અમદાવાદ)**
૯૮૨૫૬ ૨૯૩૪૦

*Nature's Low of Cure*

# શિફા હોમિયોપેથ ક્લિનીક

**ડો.અહેમદઅબ્બાસ ધરખડ**
*(હોમિયોપેથીક કન્સલ્ટન્ટ)*
(હઠીલા રોગો માટે આશાનું કિરણ)
સ્ત્રી રોગો, ચામડીના રોગો, ગેસ, એસીડીટી, કબજીયાત, હરસ, મસા, વા, ગાંઠીયો વા, સાયટીકા, ખરતા વાળ, થાઈરોઈડ, માનસિક રોગો માટે હોમિયોપેથિક સારવાર.
**સમય : સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ સુધી**
**બહારના દર્દીઓએ ફોન કરીને આવવું.**
સ્પાન કોમ્પલેક્ષ, પૃથ્વી રેસ્ટોરન્ટની સામે, પોલીટેકનીક રોડ, વડનગર. જિ. મહેસાણા.
**મો.૯૭૨૩૩૮૯૬૧૩**

# علیؑ احمدؐ کا یاور بھی

ولی عہد پیر سید محمد کامران حسین جعفری (مد)

علیؑ احمدؐ کا یاور بھی، ہے ہمسر بھی، برادر بھی
علیؑ زہراؑ کا شوہر بھی، ہے سید بھی، ہے سرور بھی

نبیؐ کہتے تھے بھائی سے کہ تم مجھ سے ہو میں تم سے
تمہیں حیدر بھی، صفدر بھی، تمہیں ہو شیرِ داور بھی

علیؑ کے در پہ جو آیا تو رتبہ بھی ملا کیسا
بنا کوئی معین الدیں بنا کوئی قلندر بھی

شجاعت سے علیؑ کی آج بھی لرزاں ہیں سب جنگاہ
حنین و بدر و خندق بھی، اُحد بھی بابِ خیبر بھی

علیؑ کہتے تھے خیبر میں سنوائے مرحب و انتر
ہمیں وہ ہیں کہ جس کا نام رکھا ماں نے حیدر بھی

نظر کی جب علیؑ کے در پہ ہم نے تب ملے ہم کو
وہاں میثم بھی، سلماں بھی، وہیں جابر بھی بوذر بھی

حسین ابنِ علیؑ کہتے تھے یہ غازی کو کربل میں
مرے حمزہ بھی تم ہی ہو، مرے رستم بھی جعفر بھی

رجز پڑھتے تھے یوں غازی جو پہنچے جانبِ میداں
ہیں ہم شبیرؑ کے نوکر، ہمیں آقا کے قنبر بھی

અલી અહમદકા યાવર ભી, હૈ હમસર ભી, બિરાદર ભી
અલીઝહરાકા શૌહરભી, હૈસૈયદભી, હૈસરવરભી

નબી કહેતે થે ભાઈ સે કે તુમ મુઝ સે હો મૈં તુમ સે
તુમ્હીં હૈદર ભી, સફદર ભી, તુમ્હીં હો શેરે દાવર ભી

અલી કે દર પે જો આયા તો રુત્બા ભી મિલા કૈસા
બના કોઈ મોઈનુદ્દીં, બના કોઈ કલંદર ભી

શુજાઅત સે અલી કી આજ ભી લર્ઝાં હૈ સબ જંગાહ
હુનૈનો બદ્રો ખંદક ભી, ઓહદ ભી બાબે ખૈબર ભી

અલી કહેતે થે ખૈબરમેં સુનો અય મરહબો અંતર !
હમીં વો હૈ કે જિસકા નામ રખ્ખા માં ને હૈદર ભી

નઝર કી જબ અલી કે દર પે હમને તબ મિલે હમકો
વહાંમીસમભી, સલ્માંભી, વહીંજાબિરભીબૂઝરભી

હુસૈન ઈબ્ને અલી કહેતે થે યે ગાઝી કો કરબલમેં
મેરે હમ્ઝા ભી તુમ્હીં હો મેરે રૂસ્તમ ભી જાફર ભી

રજઝ પઢતે થે યૂં ગાઝી જો પહુંચે જાનિબે મયદાં
હૈ હમ શબ્બીર કે નૌકર, હમીં આકા કે કમ્બર ભી

પીસર ઉસકે હૈં જિસકો આપ રબ કહેતા હૈ અપના શેર
શબે હિજરત હુઆ હાસિલ જિસે એહમદકા બિસ્તર ભી

پیسر اُس کے ہیں جس کو آپ رب کہتا ہے اپنا شیر
شبِ ہجرت ہوا حاصل جسے احمدؐ کا بستر بھی

કહા ઔનો મોહંમદને કે અબ અય ઝાલિમો હોંશિયાર
કે હમ દિલબંદે જાફર હૈં, હમીં સિબ્તૈને હૈદર ભી

کہا عون و محمد نے کہ اب اے ظالمو ہشیار
کہ ہم دلبندِ جعفر ہیں، ہمیں سبطینِ حیدر بھی

**ગડમથલ નં.૨૫૮નો ઉકેલ**

**આડી ચાવીઓ:** (૧) જઝાકલ્લાહ (૪) દરબાર (૭) રદીફ (૮) વસી (૯) બાહમ (૧૧) નકીર (૧૨) તર (૧૩) બતન (૧૫) ચીન (૧૭) મજાલ (૧૯) સીરત (૨૨) ઈદગાહ (૨૪) ખમ (૨૫) હાફિઝ (૨૬) ફિતરત (૨૯) બાલ (૩૦) હાલ (૩૧) જાફરી (૩૨) ઝમન (૩૪) ફાની (૩૫) કમર (૩૬) બીમાર **ઊભી ચાવીઓ:** (૧) જઝબાત (૨) કલમ (૩) હરકત (૪) દફન (૫) બાવરચી (૬) રસી (૧૦) હરમ (૧૩) બલદ (૧૪) નસીહત (૧૬) નવા (૧૮) જાઈઝ (૨૦) તખત (૨૧) દુહાઈ (૨૩) ગાફિલ (૨૭) રહીમ (૨૮) લલકાર (૨૯) બારીક (૩૧) જાની (૩૨) ઝર (૩૩) નબી


INDIAN SAFETY SOLUTION

Contact:- M.G.KADIWALA
(IGC-NEBOSH, MECHANICAL ENGG.)
M. : 08866448339
E-mail : indiansafetysolution@gmail.com

ADD:- Plot No. 914, G.I.D.C. Chhatral, Ta. Kalol, Dist. Gandhinagar, Pin-382729. GUJARAT (INDIA)

INDIAN SAFETY SOLUTION




fire Extinguishers
Fire Alarm & Smoke detecoter Systems
Fire Fighting & Hydrant system

- I.S.I. માર્કાના ફાયર–હેસ્ટીંગગ્યુસર (ફાયર બોટલ)ના સપ્લાયર, ઈન્સ્ટોલેશન કરનાર તથા તેના સ્પેર પાર્ટસ અને રીફીલ કરનાર.
- મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂલ્સ મુજબ ફાયર હાઈડ્રન્ટ અને સ્પ્રીન્કલર્સ સીસ્ટમનું ઈન્સ્ટોલેશન કરનાર.
- ફાયર ફાઈટીન્ગ અને સ્પ્રીન્કલર્સ સીસ્ટમના ઈક્વીપમેન્ટના સપ્લાયર્સ (જેવા કે I.S.I. સ્ટાન્ડર્ડ મુજબ હાઈડ્રન્ટ વાલ્વ, હોસપાઈપ, હોસરીલ, વિગેરે)




Industrial Safety Equipment

- કમ્પલીટ ફાયર એલારામ સીસ્ટમના સપ્લાયર તથા ઈન્સ્ટોલેશન કરનાર.
- P.P.E. ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી ઈક્વીપમેન્ટના સપ્લાયર્સ (જેવા કે હેલ્મેટ, હેન્ડગ્લોવઝ, માસ્ક, વિગેરે)
- હોટલ્સ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્પિટલ માટેના સેફ્ટી ડિઝાઈનર, ઈન્સ્ટોલેશન અને સલાહકાર.
- બધી જાતની સેફ્ટી ટ્રેનીંગ (સર્ટીફીકેટ સાથે) અને ઓડીટ માટેના ડોક્યુમેન્ટના આયોજક.


# આઠમા ઈમામ અલી રઝા (અ.)એ બતાવેલા તંદુરસ્તીની હિફાઝતના નુસ્ખા

સંકલન : મોલ્વી હસનઅલી શરાફતઅલી (કઠોર)

1. જે માણસ ઈચ્છતો હોય કે તેને પથરીની તકલીફ ના થાય, તો જરૂરી છે કે તે પેશાબને કદી ના રોકે, ભલે સવારી ઉપર સવાર કેમ ના હોય.
2. જે માણસ ઈચ્છે કે તેને કબજિયાત ના થાય, તો તે જમતી વખતે વચ્ચે પાણી ના પીએ, કેમકે જમતી વખતે પાણી પીવાથી ભીનાશ વધી જશે અને જઠર કમજોર થઈ જશે અને નસોમાં જમવાની પૂરેપૂરી તાકાત નથી પહોંચતી. એનું કારણ એ છે કે જમતી વખતે પાણી પીવાથી જઠરમાં પાણી અને ખોરાક લોહી જેવું થઈ જાય છે.
3. જે માણસ ઈચ્છે કે તેને પિત્ત ના વધે અને એ પણ ઈચ્છે કે તેના નખ ના ફાટે અને બદસૂરત ના થઈ જાય તો તે જુમેરાતના દિવસે નખ કાપે.
4. જે માણસ ઈચ્છતો હોય કે તેને કાનની કોઈ તકલીફ ના થાય, તો તે સૂતી વખતે કાનમાં રૂ મૂકીને સૂએ.
5. જે માણસ ઈચ્છતો હોય કે તેને ઠંડીના દિવસોમાં શરદી ના થાય, તો રોજ તે ત્રણ ચમચી મધ પી લે.
6. જે માણસ ગરમીના દિવસોમાં શરદીથી બચવા ઈચ્છતો હોય તો તે તડકામાં બેસવાથી બચે.
7. જે માણસ ઈચ્છતો હોય કે તેનું શરીર હલ્કુ ફૂલ્કું રહે અને વધારે વજન ના વધે તો તે રાતના સમયે થોડું જમે.
8. જે માણસ ઈચ્છે કે તેને ડુંટીની તકલીફ ના થાય, તો તે જ્યારે માથામાં તેલ નાખે ત્યારે ડુંટીમાં પણ લગાવે.
9. જે માણસ ઈચ્છતો હોય કે તેના હોઠ ના ફાટે તો માથામાં તેલ નાખે ત્યારે (આંખનાં) ભવાં પર પણ લગાવે.
10. પેટ ભર્યું હોય ત્યારે નાહવાથી મોટા આંતરડાનું દર્દ પેદા થાય છે.
11. માછલી ખાધા પછી ઠંડા પાણીથી નાહવાથી ફાલિજ (લકવો) પેદા થાય છે.
12. ગરમ કે મીઠી વસ્તુ ખાધા પછી ઠંડું પાણી પીવાની આદતથી દાંત જલ્દી જતા રહે છે.
13. બાળકો માટે માના દૂધથી વધારે બહેતર કોઈ દૂધ નથી.
14. સરકો બેહતરીન શાક છે. જે ઘરમાં સરકો હશે તે મોહતાજ નહીં થાય.
15. દરેક દાડમમાં એક દાણો જન્નતનો હોય છે.
16. મુન્નકા (મોટી સૂકી દ્રાક્ષ) પિત્તને સારું કરે છે, કફને દૂર કરે છે, પીઠને મજબૂત કરે છે, નફસને પાકીઝા બનાવે છે અને ગમગીની દૂર કરે છે.
17. મધમાં શિફા છે, જો કોઈ મધ હદિયો કરે તો

એને પાછું ના કરતા.

18. ગુલાબ જન્નતના ફૂલોનો સરદાર છે.
19. બનફ્સાનું તેલ માથામાં લગાવો. એની તાસીર એ છે કે તે ઠંડીમાં ગરમ અને ગરમીમાં ઠંડુ હોય છે.
20. જે ઝૈતુનનું તેલ માથામાં લગાવશે અથવા ખાશે એની પાસે શયતાન ચાલીસ દિવસ સુધી નહીં આવે.
21. સાતમા દિવસે પોતાના બાળકોના ખત્ના કરો. એનાથી તંદુરસ્તી વધે છે અને શરીર પર માંસ વધે છે.
22. કુરઆન પઢવાથી, મધ ખાવાથી અને દૂધ પીવાથી યાદશક્તિ વધે છે.
23. મસૂર સિત્તેર નબીઓની પસંદગીનો ખોરાક છે. એનાથી દિલ નરમ થાય છે અને આંસુ બને છે.
24. મર્દ માટે જરૂરી છે કે ખુશ્બૂ લગાવાનું ના છોડે. બહેતર છે કે રોજ લગાવે અને જો એટલી શક્તિ ના હોય તો એક દિવસ છોડીને લગાવે અને એ પણ ના બની શકે તો દર જુમ્આના દિવસે લગાવે.
25. જે માણસ સૂતી વખતે આયતુલ કુરસી પઢે તે લકવાની બીમારીથી સલામત રહેશે.
26. જાજરૂ (સંડાસ)માં દાતણ કરવાથી મોઢામાં બદબૂ પેદા થાય છે.
27. જુમ્આના દિવસે નખ કાપવાથી ગરીબાઈ દૂર થાય છે.
28. માણસના શરીરમાં એક નસ ઈશા નામની છે. જે માણસ રાત્રે ખાવાનું નહીં ખાય અને પાણી નહીં પીએ તો એ નસ બદદુઆ કરે છે અને સવાર સુધી એવું કહે છે કે અલ્લાહ તને ભૂખ્યો અને પ્યાસો રાખે કે જેવી રીતે તેં મને ભૂખી રાખી.
29. જો આપણે ખોરાકમાં હંમેશાં મધનો ઉપયોગ કરીએ તો કલેજાની કોઈ તકલીફ નહીં થાય.
30. કુરઆને મજીદમાં દરેક બીમારીની દવા છે. જરૂરી છે કે તમે પોતાના બીમારોનો ઈલાજ સદકાથી કરો અને શિફા માટે કુરઆને મજીદ પઢો કેમકે જે માણસને કુરઆને મજીદથી શિફા નહીં થાય તેને બીજી કોઈ વસ્તુથી શિફા નહીં થાય. ('તિબ્બે રિઝા' કિતાબમાંથી)

**વેટરનરી ડોક્ટર**

**ડો. નજરઅલી હૈદરઅલી માંકણોજીયા**

(B.V.Sc. & A.H.)

- Graduate in 2005
- ૭ વર્ષનો Field Practice નો અનુભવ
- દરેક પશુઓને લગતા દરેક પ્રકારના રોગોની સારવાર માટે સંપર્ક કરો.

**મો. ૯૯૭૮૭૬૯૬૫૧**

ગામ : કાકોશી, તા. સિધ્ધપુર, જિ. પાટણ

હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) કૃત...

# મશાયખવાણી



## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૨૦

**સુનો શેહઝાદે દોનું, નબીકે નવાસે,**
**સો હસન હુસેન, કહીએ રે ખાસે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે અય મોમિનો ! તમે સાંભળો કે નબીજીના બે નવાસા કે જે ખાસ ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.) છે.)

**એ બેહિશ્તકે જવાન, સૈયદ કહીએ,**
**એ ફરઝંદ નબીજી, કેરે રે લહીએ.**

(એ બન્ને જન્નતના જવાનોના સરદાર છે અને તે બન્ને નબીજીના ફરઝંદો છે એવું તમે માનજો.)

**સુનો અનુકુ સખતી, રબને પોચાઈ**
**સો જાહેર નજરૂ, બોત ઠામ હે લખાઈ.**

(એ પણ સાંભળો કે એ બન્નેને તેમના રબે સખ્તી પહોંચાડી - દુ:ખ પહોંચાડ્યું કે જે જાહેરી નજરે તો ખૂબ જ સખ્તી પહોંચી હોય તેવું હતું.)

**ઈસ સખતી કેરા, છુપા રહ્યા નાંહાં,**
**છેહ નાંહી ખુબીકા, બકાકે માંહાં.**

(આ સખ્તી કે જે તેમને પહોંચી તે છૂપી રહી નહીં. એના બદલામાં આખેરતમાં તેમને જે ખૂબીઓ (અને દરજ્જાઓ) મળવાના છે તેનો કોઈ અંત નથી.)

**સુનો અપને નબીને, એસા ફરમાયા,**
**એ હદીસકા બયાન, બોત ઠામ હે લખાયા.**

(એ પણ સાંભળો કે આપણા નબી (સ.)એ એવું ફરમાવ્યું છે કે આ હદીસનું વર્ણન ઘણી જગ્યાએ લખવામાં આવ્યું છે.)

**બોત રે બલા હોવે, નબીઉંકી જાતી,**
**બોત નબીઉંકુ સખતી, પોચે કહી યું બાતી.**

(એ હદીસ એવી છે કે ઘણા બધા નબીઓ ઉપર ઘણી બલા નાઝિલ થઈ છે - મુસીબતો પડી છે. ઘણા નબીઓને ખૂબ સખ્તી પહોંચી છે.)

**પીછે વલીઉંકુ સખતી, પોંચી રે સહી,**
**એતી ખાતમ નબીને, ખબર રે કહી,**

(ત્યાર પછી અલ્લાહના વલીઓને પણ ખૂબ સખ્તી પહોંચી છે. આ ખબર નબીજીએ આપેલી છે.)

**પીછે જે કોઈ હોવે વલીઉંકી મિસાલા,**
**ભી ઉસકુ પોંચે, સખતીકા હાલ.**

(ત્યાર પછી વલીઅલ્લાહના જેવા લોકો- વલીઅલ્લાહના સમકક્ષ- જે લોકો થઈ ગયા - તેમને પણ સખ્તી પહોંચી છે.)

**ઈસ હદીસસુ એતના, હે રે જણાતા,**
**કે નબી પીછે સબ કોહી, નાંહી વલી રે દેખાતા.**

(આ હદીસ ઉપરથી તો એટલું જાણવા મળે છે કે નબીની પાછળ જે કોઈ આવ્યા તે બધા વલી જેવા દેખાતા નથી.)

**કે હોવે કોઈ વલી, કોઈ વલીકી મિસાલા,**
**દીસે વલી હો જેસા, નહીં વલીકા હાલા.**
(એટલે કે જો કોઈ વલી હોય અથવા તો વલીની મિસાલ હોય, તે બધા દેખાવમાં વલી જેવા હોય, પરંતુ વાસ્તવમાં વલી નહોતા.)

**તો વલીઉંકે માંહે, દો ટોલે રે દેખાએ,**
**એક વલીકા ને દુજા, અનુ મિસાલ કેલાએ.**
(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે વલીઓની અંદર બે ટોળાં જોવા મળ્યાં. એક ટોળું વલીઓનું અને બીજું ટોળું વલીઓની મિસાલ એટલે કે વલીઓના જેવું ટોળું કહેવાયું.)

**સો હક તો અપના, નબીઉં જાના,**
**સહી સખતીકી અનુકુ, બોત બુઝી રે નિશાના.**
(આમ નબીઓએ પોતાનો હક જાણી લીધો માટે જે નબીને સખ્તી પડી હોય તો તે નબી તરીકેની નિશાની છે.)

**તો હક કેરી રાહમાં, બોત સખતી જાની,**
**એ સુન સુન મોમિન, ચંતા એતી મન આની.**

**-: રે તુહી. :-**

(તો આના ઉપરથી જાણવા મળ્યું કે હકના રસ્તા પર ચાલવામાં આવે તો ખૂબ જ સખ્તી વેઠવી પડે છે. અય મોમિનો ! તમે આ બધું સાંભળીને તમારા મનમાં ચિંતા કરો.)

**બોત સખતી નબીઉં તંના,**
**વલીઉંકો ભી જાન રે, વલીઉંકો ભી જાન;**
**બાદ વલીઉંકી મિસાલ જે,**
**સખતી પોંચે માન રે, સખતી પોંચે માન.**
(તમે જાણો કે નબીઓને ખૂબ સખ્તી વેઠવી પડી છે અને વલીઓને ખૂબ સખ્તી વેઠવી પડી છે અને ત્યાર પછી વલીઓની મિસાલ જેવા છે તેમને પણ સખ્તી વેઠવી પડી છે.)

### બયાન નં.૨૧

**સુન સુન ભાઈ દીનકે, એસી હે દિનકી રીત રે,**
**સખતી પોંચે સહી રબથી, જીસકુ તો ઝાઝી પીતરે.**
(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે અય મારા દીનના ભાઈ ! તું સાંભળ કે દીનની રીત આવી છે. જેને અલ્લાહ સાથે વધારે મોહબ્બત હોય છે તેને રબ તરફથી સખ્તી પહોંચે છે.)

**નબીઉંકુ હે બોત સખતી, સખત બલા અનુકુ સહી,**
**અંબીયા સબ એક રીત હે, સો લાખ પર હુવે કહી.**
(નબીઓને ખૂબ સખ્તી પડી છે અને તેઓ સખત બલાઓમાં સપડાયા છે. બધા જ અંબિયાની એકસરખી રીત છે કે જેઓ લાખ કરતાંય વધારે સંખ્યામાં હતા.)

**સુન સુન રસુલ રબકે, રબને ભેજાએ કામ રે,**
**અનુકુ પોંચાઈ સખતી, ઈસ જગ કેરે ઠામ રે.**
(એ પણ સાંભળો કે બધા રસૂલો અલ્લાહ તરફથી હતા અને અલ્લાહે તેમને (હિદાયતના) કામ માટે દુનિયામાં મોકલ્યા હતા. તો એવા નબીઓને પણ આ દુનિયામાં અલ્લાહે સખતી પહોંચાડી છે.)

**અનુસુ તો રબ બાતાં કરે, એસા તો રબ ચાવે સહી,**
**અનુકુ પોચાઈ સખતી, ઈસ જગમાં એસા દહી.**
(એ નબીઓ કે જેમની સાથે અલ્લાહ વાતો કરતો

હોય, તે એટલો બધો તો એમને ચાહતો હોય તેવા નબીઓને પણ અલ્લાહે આ જગતમાં સખ્તી પહોંચાડી છે.)

**હકકી તો રાહ હે સહી, દીતી રસૂલ જાન રે,**
**દુનીને હક કેરી રાહાકી, રીત તો અવલી માન રે.**

(હકનો રસ્તો તો એ છે કે જેમની હિદાયત અલ્લાહના રસૂલોએ કરી છે. દુનિયાની અને હકના રસ્તાની રીત એકબીજાથી અવળી છે, એકબીજાથી ઊલટી છે.)

**દીસે હે સખતી પાંચતી, ઈસમાં તો અનંત ખેર રે,**
**જ્યું દેખોને રસુલકુ, બોત હે રબકી મે'ર રે.**

(આપણને નબીઓને સખતી પહોંચતી દેખાય છે, પરંતુ એમાં તો એમની અનંત ભલાઈ રહેલી છે. જે જે રસૂલને તમે જુઓ તે બધાયના ઉપર અલ્લાહની મેહર (મહેરબાની) છે.)

**વલી જે હોવે સહી દુનિયાથી આવે તંગ રે,**
**હકકી તો એસી રાહા હે, દુનીયાકે અવળે ઢંગ રે.**

(જે કોઈ પણ વલીઓ હોય તે બધા દુનિયાથી તંગ આવી જાય છે. હકનો રસ્તો તો આવો છે જ્યારે દુનિયાનો ઢંગ તેનાથી અવળો છે.)

**જું દેખો દો સૈયદ સહી, ફરઝંદ નબી કે જાન રે,**
**અનુકુ પોંચાઈ સખતી, શુમાર બના માન રે.**

(જે સૈયદો તમને (દુનિયામાં) જોવા મળે છે તે બધા નબીના ફરઝંદો છે એવું તું જાણજે. તો એવા સૈયદોને પણ બેશુમાર સખ્તી પહોંચી છે.)

**અબ કયું મોમિન હો આપકું, ચાવે દુની સુખ તન રે,**
**સખતી પોંચે સહી દોસ્તકુ, એ રીત સહી તું જાન રે.**

(તો હવે મોમિન થઈને તને દુનિયાનું સુખ તારા શરીરને શા માટે ગમે છે. સખ્તી હંમેશાં અલ્લાહના દોસ્તને જ પહોંચતી હોય છે એ રીત તું સારી રીતે જાણી લે.)

**શુકર કરો સબુરસુ, કર કર રલીયા મન રે,**
**સખતી પોંચે તબ જાનીયો, નેક સબુથી દન રે.**

(સબર કરીને, અલ્લાહનો શુકર મનને આનંદિત રાખીને કરો. જે દિવસે તમને સખ્તી પહોંચે તો સમજવું કે તે દિવસ સૌથી વધારે નેક દિવસ છે.)

**સખતી પોચે રલીયા કરો, વલીઉંકી એ હે રીત રે,**
**સખતી તો પોચે તનકું, હુઈ જો રબ કેરી પીત રે.**

(દુનિયામાં જો સખ્તી પહોંચે તો આનંદિત થઈ જવું એ વલીઓની રીત છે. સખ્તી જો શરીરને પહોંચે છે તો અલ્લાહની પ્રીત પ્રાપ્ત થઈ ગઈ એવું સમજવું.)


આબિદઅલી મસી    હસનઅલી નુરભાણેજ
૯૭૨૪૨૫૨૯૫૨    ૯૭૨૪૭૫૭૩૧૯
(હરિપુરાવાળા)

સહારા
હાર્ડવેર

હાર્ડવેરને લગતી તમામ આઈટમ મળશે.

::::: ડીલર :::::

• કોરોમંડલ કિંગ સિમેન્ટ • સાંઘી સિમેન્ટ
• એશિયન પેઈન્ટસ • બર્જર પેઈન્ટસ

કોમ્પ્યૂટરથી મનપસંદ કલર બનાવવામાં આવે છે.

આશિષ કિરાણા સ્ટોર્સની સામે, જાદર-સ્ટેશન,
તા. ઈડર, જિ. સાબરકાંઠા – ૩૮૩૧૧૦

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે ફેબ્રુઆરી–૨૦૧૪ થી તા. ૧૫, માહે માર્ચ–૨૦૧૪ મુ.તા. ૧૫, રબી.આખર–૧૪૩૫ થી મુ.તા. ૧૩, જમા.અવ્વલ–૧૪૩૫ |
|---|---|---|---|
| માર્ચ | રબી.આ. | – | |
| 16 | ૧૫ | રવિ | **વિલાદત : પીર સૈયદ અબ્દુલ મોમિનશાહ (રહે.)** |
| 19 | ૧૮ | બુધ | વફાત : જનાબા સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબા |
| 21 | ૨૦ | શુક્ર | વીંછુડો બેસે સવારે ૫–૫૭ કલાકે |
| 22 | ૨૧ | શનિ | વીંછુડો |
| 23 | ૨૨ | રવિ | વીંછુડો |
| 24 | ૨૩ | સોમ | વીંછુડો ઉતરે સવારે ૯–૨૧ કલાકે |
| 27 | ૨૬ | ગુરૂ | **મહાશિવરાત્રી** |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

સંપાદક : મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)

(૧) ગઝલમાં રદીફ પહેલાં વપરાતો શબ્દ કયા નામે ઓળખાય છે ?

(૨) અલ્લાહ તઆલાએ 'સૂરા ફત્હ'માં કલેમાની કઈ પંકિતનો ઉલ્લેખ કર્યો છે ?

(૩) 'કબર' આદમની ઓલાદને કઈ પાંચ બાબતો વિષે વાત કરે છે ?

(૪) "જે દિવસે તમને દુ:ખ પહોંચે તો સમજવું કે તે દિવસ સૌથી વધારે નેક દિવસ છે." આ કોના શબ્દો છે ?

(૫) કયુ ફૂલ જન્નતના ફૂલોમાં સરદાર છે ?

(૬) સુલહે હુદૈબિયાના કાતિબ કોણ હતા ?

(૭) કુરઆને મજીદમાં હઝરત જિબ્રઈલ (અ.)નું નામ કેટલી વખત આવેલું છે ?

(૮) સુંદરતાની ઝકાત કઈ છે ?

(૯) કુરઆને મજીદમાં મોત શબ્દ કેટલી વાર આવેલો છે ?

(૧૦) કયા ફળમાં એક દાણો જન્નતનો હોય છે ?

(૧૧) "હું એ છું કે જેની પાસે ગેબની ચાવીઓ છે." આ શબ્દો કોના છે ?

(૧૨) "જુમ્આના દિવસે નખ કાપવાથી ગરીબાઈ દૂર થાય છે." આ વાકય કયા લેખમાં છે ?

(૧૩) "હું ખુદાનું દિલ છું." આ કયા ઈમામના શબ્દો છે ?

## કુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

**સૂરા નં.૮૨** **સૂરા ઇન્ફેતાર**

૧૯ આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયો હોવાથી મક્કી સૂરો છે.

**જ્યારે આસમાન તડકી જશે. (૧)**

**અને જ્યારે તારાઓ ખરી પડી વિખરાઈ જશે. (૨)**

**અને જ્યારે સમુદ્રો જોરથી વહેવડાવવામાં આવશે. (૩)**

**અને જ્યારે કબરો ખોલી નાખવામાં આવશે. (૪)**

**તો તે વેળા દરેક વ્યક્તિ જાણી લેશે કે તેણે આગળ શું મોકલ્યું છે અને પાછળ શું મૂક્યું છે. (૫)**

**اِنْفَطَرَتْ** તેનો અર્થ છે ફાટી જવું એટલે કે જોડાણ ખતમ થઈ જવું.

**اِنْتَثَرَتْ** તેનો હેતુ એ છે કે તેનો પ્રકાશ ખતમ થઈ જાય અને આસમાનની ઉપર તેનું સુંદર દૃષ્ય બાકી ન રહે જ્યારે આસમાનનો શામિયાનો જ બાકી ન રહે તો તેના સિતારાઓ કેવી રીતે બાકી રહે? તેની હદો અને બંદીશ ટૂટી જશે અને સમુદ્રનું મીઠું અને ખારું પાણી એક થઈ જશે. જ્યારે તેની માટી હટાવવામાં આવશે ત્યારે મુડદાં બહાર નીકળી પડશે. ઈન્સાને ભૂતકાળમાં જે અમલ કરેલા હોય અને તેના મરવા પછી જે અમલો બાકી રહી જાય તેનો સવાબ મરનારને રહે છે. જેમકે કોઈ પોતાની પાછળ નેક કાર્યો છોડી જાય જેમકે મસ્જિદ, દીની મદ્રેસા, વગેરે અને તે મસ્જિદમાં નમાઝીઓ નમાઝ પઢતા રહે અને મદ્રેસાઓમાં લોકો જે દીની તાલીમ લેતા રહે. મરનારના સવાબ તેના આમાલનામામાં લખવામાં આવે છે. એવી જ રીતે જો કોઈ એવા કાર્યની સ્થાપના કરી જાય કે જે બૂરું હોય, તો તે બૂરાઈનો બદલો તેને મળશે. જે સદકએ જારીયા પોતાની પાછળ મૂકતો જાય તો તેના આમાલ સિવાય બીજા એ લોકોના આમાલનો સવાબ પણ તેને મળશે કે જે તેમાં કરવામાં આવે. એવી જ રીતે જો મરનાર કોઈ બૂરી રસમ છોડી જાય અને બીજા લોકો જો તે અમલ કરશે તો તે બૂરાઈની સજા તેને પણ મળશે. નેક લોકો એ છે કે જે પોતે નેક કાર્યો કરે અને પાછળના લોકો માટે પણ નેકીની એ સુન્નત જારી કરી જાય અને બદનસીબ એ બંદો છે કે જે બૂરાઈ પોતે કરે છે તે જ બૂરાઈનો રસ્તો બીજાઓ માટે પણ છોડી જાય છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અય ઈન્સાન ! તને તારા માયાળું પરવરદિગારના સંબંધમાં કઈ વસ્તુએ ધોખો આપ્યો છે. (૬)**

**જેણે તને પેદા કર્યો, પછી તને પરિપૂર્ણ કર્યો, પછી તારા અવયવો સરખા કર્યા ? (૭)**

**પછી જે આકૃતિમાં તેણે ઈચ્છયું તેમાં તને તારા (અવયવો) જોડી દીધા. (૮)**

**પણ વાત આ છે કે તમે ન્યાય (ના દિવસ)ને જૂઠલાવો છો. (૯)**

**અને ખચીત જ તમારા પર ચોકીદાર (ફરિશ્તા નીમેલા) છે. (૧૦)**

**(અર્થાત્) કેરામન અને કાતેબૈન (માનવંત લખનારા ફરિશ્તા નીમેલા) છે. (૧૧)**

**જે કાંઈ તમે કરો છો તે તેઓ જાણે છે. (૧૨)**

**બેશક સદાચારીઓ મેવાવાળી જન્નતોમાં હશે. (૧૩)**

**અને બેશક દુરાચારી લોકો જહન્નમમાં હશે. (૧૪)**

**ફેંસલાના દિવસે તેઓ તેમાં જ દાખલ થશે. (૧૫)**

**અને તેઓ તેનાથી ગેરહાજર રહી શકશે નહીં. (૧૬)**

**અને તને શી ખબર કે ફેંસલાનો દિવસ શું છે? (૧૭)**

**પછી પણ તને શી ખબર કે ફેંસલાનો દિવસ શું છે ? (૧૮)**

**તે દિવસે કોઈ પણ શખ્સને કોઈ બીજા શખ્સના સંબંધમાં કોઈ જાતનો અધિકાર નહીં હોય. અને તે દિવસે આજ્ઞા માત્ર અલ્લાહની જ હશે. (૧૯)**

يَاأَيُّهَا الْإِنْسَانُ કયામતનું દૃષ્ય રજૂ કર્યા પછી ઈન્સાનને પોતાના આમાલ તપાસવાની દાવત દેવામાં આવે છે કે દુનિયામાં વિચારીને પગલું ભરે અને નેકી–બદીના પરિણામનો ખ્યાલ રાખે. ઈન્સાન કેટલો બધો મગરૂર છે કે ખુદાની કુદરત, હિકમતો અને મહેરબાનીઓને ભૂલી જાય અને કંઈ વિચાર કર્યા વગર પોતાની જિંદગીના સમયને વેડફી નાખે છે અને એવી નેકીઓ માટે બેદરકાર રહે છે કે જે તેના મરવા પછી તેને કામ આવી શકે છે અને એ બૂરાઈઓની તરફ ઈન્સાન આગળ વધે છે કે જે તેના મરવા પછી તેને નુકસાન પહોંચાડે છે. ત્યાર પછી કુદરત પોતાના એહસાનોનું વર્ણન કરીને ફરમાવે છે કે તેણે ઈન્સાનનું કેવી રીતે સર્જન કર્યું, તેણે તમને નુત્ફામાંથી પેદા કર્યા, જો કે તમે કંઈ ન હતા અને તેણે તમને જોનાર, બોલનાર અને સાંભળનાર ઈન્સાન બનાવ્યો અને આંખ, કાન, હાથ, વગેરે અવયવો આપ્યા. ત્યાર પછી સ્ત્રી–પુરુષ વિવિધ પ્રકારના બનાવ્યા, વિગેરે. આ બધી વસ્તુઓ પર વિચાર કરીને તમારે માની લેવું જોઈએ કે અમારો સર્જનહાર તદબીર કરનારો અને હકીમ છે અને દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવે છે. માટે અય ઈન્સાન ! તારે એહસાનને ભૂલી જવો જોઈએ નહીં.

તે પછી અલ્લાહ ફરમાવે છે કે હા–હા, તને એક ચીજ ધોખામાં નાખી રહી છે તે એ છે કે તારું કયામત ઉપર ઈમાન નથી. તારા પૂછાણાની તને ખાતરી નથી, તું કયામત અને બદલાના દિવસને જૂઠલાવે છે, પણ યાદ રાખ, કયામત જરૂર આવશે અને નેકી–બદીનો બદલો મળશે, અમારા તરફથી તારા ઉપર ફરિશ્તા મુકર્રર કરવામાં આવ્યા છે કે જે તારી નેકી–બદીને જાણે છે. તેઓ કેરામન કાતેબૈન (માનવંતા લખનારા) છે અને એ પણ યાદ રાખી લો કે તે દિવસે નેક લોકો જન્નતમાં અને બદ લોકો જહન્નમમાં જશે અને તેમાં તેઓ હંમેશાં રહેશે અને એ પણ યાદ રાખો કે તે દિવસે કોઈને કંઈ ઈખ્તિયાર નહીં હોય અને ન તો કોઈનું ચાલશે અને એ દિવસે હુકમ માત્ર અલ્લાહનો જ હશે.

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

## જનાબે અમીર (અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

**અહલે અબા (અ.)ના ફઝાએલનું વર્ણન**

(૧૪) જનાબે અમીર (અ.)થી મરવી છે કે તેહકીકની સાથે જનાબે રસૂલલ્લાહ (સ.)એ હસન (અ.) અને હુસૈન (અ.)નો હાથ પકડીને ફરમાવ્યું કે જે માણસ મને અને એ બન્નેને અને તે બન્નેના માબાપને વહાલા રાખે તે કયામતના દિવસે મારી સાથે મારા દરજ્જામાં હશે.

(૧૫) અનસ (રઝી.અ.) કહે છે કે તેહકીકની સાથે જનાબે રિસાલત મઆબ (સ.)એ ફરમાવ્યું છે કે અમે અબ્દુલ મુત્તલિબની ઓલાદ જન્નતના સરદાર છીએ અને હમ્ઝા અને અલી અને જાફર અને હસન અને હુસૈન અને મહદી છે.

(૧૬) ઈબ્ને અબ્બાસ (રઝી.અ.)થી મરવી છે કે જનાબે સરવરે કાઈનાત (સ.)ને મેં એ કાનોની સાથે સાંભળ્યું છે નહીંતર તે બન્ને બહેરા થઈ જાય કે હું વૃક્ષ છું અને અલી તે વૃક્ષની કલમ છે અને ફાતેમા તેનો બોજ છે અને હસન અને હુસૈન તેનાં ફળ છે અને અમે અહલેબૈતના મોહિબો તેનાં પાંદડાં છીએ. સાચે જ અમે બધા જન્નતમાં હોઈશું.

(૧૭) જનાબે અમીર (અ.) રિવાયત કરે છે કે આંહઝરત (સ.) જનાબે ફાતેમા (અ.)થી ફરમાવતા હતા કે હું અને તમે અને હસન અને હુસૈન અને આ સૂઈ રહેનારો અર્થાત્ અલી કયામતના દિવસે એક મકાનમાં હોઈશું.

(૧૮) ઈબ્ને અબ્બાસ કહે છે કે સરવરે આલમ (સ.)એ ફરમાવ્યું કે હું ઈલ્મનું ત્રાજવું છું અને અલી તેનાં પલ્લાં છે અને હસનૈન તેની કસાન (દાંડી) છે. અને ફાતેમા તેનો ઈલાકો છે અને મારી ઉમ્મતના ઈમામ તેના સ્તંભો છે કે જેમાં અમારા મોહસિન અને મબઅસીનના આમાલનું વજન કરવામાં આવે છે.

(૧૯) જનાબે આમીર (અ.) કહે છે કે જનાબે રિસાલત મઆબ (સ.) એવું ફરમાવતા હતા કે જ્યારે મેઅરાજની રાત્રે અમને સફર કરાવવામાં આવતી ગઈ તો અમે જન્નતના દરવાજા પર સોના(ના અક્ષરો)થી લખેલું હતું : લા ઈલાહા ઈલ્લલ્લાહ, મોહંમદ અલ્લાહના હબીબ છે, અલી અલ્લાહના દોસ્ત છે, ફાતેમા અલ્લાહની કનીઝ છે, હસન અને હુસૈન અલ્લાહના બરગુઝીદા છે અને તેમની સાથે બુગ્ઝ રાખનારાઓ પર અલ્લાહની લા'નત છે.

**ફાએદા :** ખાનદાને નબુવ્વત અર્થાત્ આ મુકદ્દસ ઓલાદની શાનમાં ચાર શબ્દો વપરાયા છે. (૧) આલ (૨) અહલેબૈત (૩) ઈતરત (૪) ઝુલ કુર્બા જેના વિષે વિગતવાર ચર્ચા નીચે આપેલ છે :

**આલની તેહકીક** : ડિક્ષનરીમાં 'આલ' શબ્દ ખાસ કરાબતદારો અને ઘરના માણસો માટે વપરાયો છે અને કોઈક વાર દૂરના સગાસંબંધીઓ

પણ મુરાદ લેવામાં આવે છે.

હકીકત એ છે કે અહલેબૈતના ફઝાએલમાં જેટલા પ્રમાણમાં હદીસો વારિદ થઈ છે તેમાં કોઈ ઠેકાણે આલનો તો કોઈ જગ્યાએ ઝુર્રિયત શબ્દનો અને કોઈ જગ્યાએ ઈતરત શબ્દનો ઉપયોગ થયો છે. તેથી આ બધા જ શબ્દોનો ભાવાર્થ ખાસ અહલેબૈતથી જ થઈ શકે છે. બધા મોમિનો પર આલ શબ્દનો ઉપયોગ ન થઈ શકે. જો આલનો અર્થ સામાન્ય હોત તો આંહઝરત (સ.) અબૂ બક્ર (રઝી.અ.) પાસેથી બરાઅત પાછી લઈને જનાબે અલીને ન આપત અને એવું ન ફરમાવત કે આને મારા અહલમાંથી એક માણસ લઈ જશે.

એટલે કે ઈબ્ને અબ્બાસથી મન્કૂલ છે કે આંહઝરત (સ.)એ હઝરત અબૂ બક્રને સૂરા તૌબા આપીને મોકલ્યા અને તેમની પાછળ જનાબે અલી (અ.)ને રવાના કર્યા. તેમણે હઝરત અબૂ બક્ર પાસેથી તે સૂરતને લઈ લીધી અને આંહઝરત (સ.) એ ફરમાવ્યું કે તેને કોઈ નહીં લઈ જાય સિવાય હું કે મારા ઘરનો કોઈ માણસ કે જે મારાથી હોય અને હું એનાથી હોઉં.

**લતીફા :**

(૧) મન્સૂર દવાનીકી જનાબે ઈમામ જાફર બિન મોહંમદ બાકિર (અ.)થી કહેવા લાગ્યો. અમે અને તમે જનાબે રસૂલલ્લાહ (સ.)ની કરાબતમાં બરાબર છીએ. પછી તમારી અમારા ઉપર શું ફઝીલત છે ? જનાબે ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, 'અગર આંહઝરત (સ.) તમારી આગળ નિકાહની ખ્વાસ્તગારી કરત તો જાઈઝ હોત અને અમારાથી નિકાહની ખ્વાસ્તગારી કરી શકયા ન હોત.' (ક્રમશઃ)

આબિદઅલી 98793 97529
ગુલામઅલી 98798 52727

અમીટી ટ્રેડર્સ

UltraTech CEMENT The Engineer's Choice
Binani Industries Limited

ખીલાસરી, એંગલ, ચેનલ, પાટાપટ્ટી, લોખંડની પાઈપ, સિમેન્ટની વિવિધ ડિઝાઈનની જાળીઓ તમામ પ્રકારના થાંભલા નાની મોટી સિમેન્ટની ટાંકીઓ, બારી બારણાની ફ્રેમ, કોટાસ્ટોન, સિમેન્ટના પતરાં તથા ગેલ્વે પતરા, કપચી તેમજ મકાનના બાંધકામને લગતી તમામ આઈટમો છુટક તથા હોલસેલના વહેપારી.

ઉમરૂ ચાર રસ્તા, મકતબા જાફરીયાની સામે, કાકોશી રોડ, તા. સિધ્ધપુર.



મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

લેખક : શેખ મુફીદ

# અલ ઈર્શાદ

## બની મુસ્તલકની વિરુધ્ધ જંગ

મઝહબી ઉલમાના બયાનો અનુસાર આપ (અલી ઈબ્ને અબીતાલિબ (અ.))ની બહાદુરીની અસંખ્ય હદીસો બની મુસ્તલક વિરૂધ્ધના જંગની છે. તેમના લીધે જ આ જંગને ફતેહ કરવામાં આવ્યો હતો, જ્યારે કે બની મુસ્તલકે બની અબ્દુલ મુત્તલિબ ઉપર હુમલો કર્યો હતો. અમીરુલ મોમિનીન (અ.) એ દુશ્મનોના બે માણસોને હલાક કરી દીધા, એટલે કે મલક અને તેના બેટાને. પયગમ્બરે ઈસ્લામ (સ.)ના હવાલે ઘણા બધા લશ્કરી કેદીઓને કરી દેવામાં આવ્યા હતા જેમને આંહઝરત (સ.)એ મુસલમાનોમાં વહેંચી દીધા. જે કેદીઓને પકડીને લેવામાં આવ્યા હતા તેમનામાં જુવેરિયા બિન્તે હારિસ બિન અબી ઝરાર પણ હતાં. તે જંગ દરમિયાન મુસલમાનો આવો નાઅરો લગાવી રહ્યા હતા "યા મન્સૂર અમિત" (અય વિજેતા તેમને મોત આપ). અમીરુલ મોમિનીન (અ.)એ જુવેરિયાને હિરાસતમાં લીધાં અને તેમને પયગમ્બર (સ.)ની ખિદમતમાં લાવ્યા. થોડાક સમય પછી તેનો બાપ પણ ત્યાં આવી ગયો. જ્યારે (બની મુસ્તલકના) લોકોએ પોતે જ સોંપણી કરી દીધી અને ઈસ્લામથી મુશર્રફ થયા ત્યારે તેના બાપે કહ્યું,

"અય અલ્લાહના રસૂલ ! મારી દીકરીને કેદી બનાવવામાં ન આવે કેમકે તે ઉચ્ચ ખાનદાન સાથે સંબંધ ધરાવે છે."

આંહઝરત (સ.)એ કહ્યું,

"જાઓ અને તમારી દીકરીની મરજીને જાણી લો."

તેણે જવાબ આપ્યો,

"આપ ખૂબ જ શરીફ અને મહેરબાન છો."

ત્યાર પછી બાપ પોતાની દીકરીની પાસે ગયો અને પૂછ્યું,

"અય મારી નાની દીકરી ! તારા કબીલાને બદનામ ન કરતી."

છોકરીએ જવાબ આપ્યો,

"હવે મેં અલ્લાહ અને તેના રસૂલ (સ.)ને પસંદ કરી લીધા છે."

"કદાચ અલ્લાહે તમારા માટે આનો જ પ્રબંધ કર્યો છે."

ત્યાર પછી પયગમ્બર (સ.)એ તેને આઝાદ કરી દીધો અને તેમને પોતાની પત્નીઓમાં શામેલ કરી દીધાં.

## હુદૈબિયાના જંગનું મેદાન

બની મુસ્તલકના જંગ પછી હુદૈબિયાનો પ્રસંગ બન્યો. આ પ્રસંગે ઈસ્લામી પરચમ અમીરુલ મોમિનીન (અ.)ને આપવામાં આવ્યો, જેવી રીતે કે આના પહેલાં ઘણા પ્રસંગોએ આપવામાં આવી ચૂકયો હતો. આ જંગમાં પણ આપની બહાદુરીનું વર્ણન દરેક મુસન્નિફની પાસે મળે છે કે જેમને સારી એવી પ્રસિધ્ધિ મળી છે. આ જંગના પહેલાં

પયગમ્બરે ઈસ્લામ (સ.)એ પોતાના અસ્હાબ પાસેથી ફરીથી બૈઅત લીધી કે તે લોકો પોતાના કરાર ઉપર કાયમ રહેશે. અમીરુલ મોમિનીન (અ.) ને કહેવામાં આવ્યું કે તેઓ સ્ત્રીઓ પાસેથી બૈઅત લે કે તેઓ રસૂલલ્લાહથી કહેવામાં આવેલા કરાર ઉપર કાયમ છે. સ્ત્રીઓ પાસેથી બૈઅત લેવાનો એવો તરીકો અપનાવવામાં આવ્યો કે આપે પોતાના અને સ્ત્રીઓની વચ્ચે કપડાનો પડદો નાખી દીધો. પડદાના અધ્ધર તેઓ પોતાનો હાથ રાખતા હતા. બીજી બાજુ સ્ત્રી પડદા ઉપર હાથ રાખતી હતી અને બૈઅતના શબ્દો બોલતી હતી. ત્યાર પછી તે પડદા ઉપર પયગમ્બર (સ.)એ પોતાનો હાથ મૂક્યો કે જ્યાં પહેલાં હઝરત અલી (અ.) હાથ મૂકી ચૂક્યા હતા. (અર્થાત્ પયગમ્બર (સ.)એ બૈઅત કબૂલ કરી લીધી.)

હુદૈબિયાના જંગની બાબતમાં વધારે વિગતો આ મુજબ છે : જ્યારે સુહૈલ બિન ઉમરે મુસલમાનોને જોયા તો તે તેમની નજીક આવ્યો અને તેણે પયગમ્બર (સ.) પાસેથી અમાન અને સુલેહ મેળવવાની વિનંતી કરી. તેની વિનંતીને સાંભળીને પયગમ્બર (સ.) ઉપર ઈલ્હામની કેફિયત છવાઈ ગઈ અને આંહઝરત (સ.)એ હઝરત અલી (અ.)ને બોલાવ્યા અને સુલહે હુદૈબિયાના કાતિબ (લખાણ લખનાર) તરીકેની ફરજો આપને સોંપી. અને તેમને સુલેહનામું લખવાનું કહ્યું, આંહઝરત (સ.)એ તેમને કહ્યું,

"અય અલી ! લખો, બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ."

સુહૈલ બિન ઉમરે વચ્ચે દખલ કરતાં કહ્યું,

"આ સુલેહનામું અમારી અને તમારી વચ્ચે લખવામાં આવી રહ્યું છે. તેને એવી રીતે લખવામાં આવે કે જે અમારા માટે સ્વીકાર્ય હોય. તેની શરૂઆત આવી રીતે કરો,

"બિસ્મિક અલ્લાહુમ્મા (એમાં 'રહેમાન' અને 'રહીમ' લખવાની જરૂર નથી)."

આ સાંભળીને પયગમ્બર (સ.)એ અમીરુલ મોમિનીન (અ.)ને કહ્યું,

"તમે જે કંઈ લખ્યું છે તેને છેકી નાખો અને આ રીતે શરૂઆત કરો, 'બિસ્મેક અલ્લાહુમ્મા'.

અમીરુલ મોમિનીન (અ.)એ અરજ કરી કે,

"અય રસૂલે ખુદા ! મને બતાવો કે જે મેં લખ્યું છે તે શું સાચું નથી ? હું 'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ'ને મારા હાથે નહીં છેકું."

આ જવાબ સાંભળીને પયગમ્બર (સ.)એ પોતાના હાથે તેને છેકી નાખ્યું અને જાતે જ લખ્યું :

'બિસ્મેક અલ્લાહુમ્મા'.

ત્યાર પછી આંહઝરત (સ.)એ તેમને કહ્યું કે,

"લખો, આ અહદનામું અલ્લાહના રસૂલ અને સુહૈલ બિન ઉમરની વચ્ચે થઈ રહ્યું છે."

આ સાંભળીને સુહૈલ બિન ઉમરે બીજી વખત હસ્તક્ષેપ કર્યો અને બોલ્યો,

"તમે આ દસ્તાવેજમાં જે કંઈ લખાવી રહ્યા છો (એટલે કે મોહંમદુર્રસૂલલ્લાહ) જો અમે તેનો સ્વીકાર કરી લઈએ તો અમારી અને તમારી વચ્ચે ઝઘડો ખતમ થઈ જશે, પરંતુ અમને તો આ વાત (કે તમે અલ્લાહના રસૂલ છો તે) સ્વીકાર્ય જ નથી. એટલા માટે આને પણ છેકી નાખો અને બતાવી દો કે કરાર મોહંમદ બિન અબ્દુલ્લાહની રજામંદીથી થઈ રહ્યો છે."

અમીરુલ મોમિનીન (અ.)એ કહ્યું,

"અલ્લાહની કસમ, તે અલ્લાહના રસૂલ છે ભલે ને તમારું અભિમાન તે સ્વીકારવા તૈયાર નથી."

તેનો જવાબ સુહૈલ બિન ઉમરે આવો આપ્યો,

"જે કંઈ હું કહી રહ્યો છું એ લખો કેમકે એ જ અમારી શરતોમાં છે."

અમીરુલ મોમિનીન (અ.)એ તેને કહ્યું,

"અય સુહૈલ ! અલ્લાહ તમને ગમગીન કરે, તમારો બકવાસ બંદ કરો."

હઝરત અલી (અ.)ને રસૂલે ખુદા (સ.)એ હુકમ કર્યો,

"તેને છેકી નાખો."

હઝરત અલી (અ.)એ જવાબ આપ્યો,

"મારા હાથોમાં એટલી તાકાત નથી કે આપના નામની પછી 'રસૂલલ્લાહ'ની પદવીને મિટાવી શકે."

"તો પછી મારો હાથ એ જગ્યાએ મૂકી દો."

તેમણે એવું જ કર્યું અને પયગમ્બરે ઈસ્લામ (સ.)એ પોતાના હાથથી તેને મિટાવી દીધું. ત્યાર પછી આંહઝરત (સ.)એ અમીરુલ મોમિનીન (અ.) ને કહ્યું,

"એક એવો વખત આવશે કે તમારી સાથે પણ આવી જ માગણી કરવામાં આવશે. એ સમય તમને પરિસ્થિતિઓ તમને એવું કરવા પર મજબૂર કરી દેશે."

અમીરુલ મોમિનીન (અ.)એ કરારનામાના દસ્તાવેજને પૂરો કરી દીધો. જ્યારે હંગામી કરારનામું તૈયાર થઈ ગયું તો પયગમ્બરે ખુદા (સ.) એ કુરબાનીના જાનવરોને ઝુબ્હ કરાવ્યાં કે જેમને મક્કા લાવ્યા હતા. સુલહે હુદૈબિયામાં પણ અમીરુલ મોમિનીન (અ.)એ જે અમલી હિકમતનો ઉપયોગ કર્યો અને જે ખિદમતો બજાવી તેમને સ્પષ્ટરીતે વર્ણવવામાં આવે છે. આ પ્રસંગે જે કંઈ બન્યું જેવું કે બૈઅતનો સવાલ ઉઠાવવો અને ત્યાર પછી મુસલમાનોને જંગ કરવા પર પ્રવૃત્ત કરવા અને સુલેહનામું તૈયાર કરવું, એ બધાં જ કાર્યોમાં અમીરુલ મોમિનીન (અ.)ની ખિદમતોને ભૂલી શકાય તેમ નથી. અલ્લાહની મરજી એવી હતી કે લોકોનું ખૂન મક્કામાં નાહક ન વહાવવામાં આવે અને સુલેહના માધ્યમથી ઈસ્લામની સ્થિતિને વધારે મજબૂત કરવામાં આવે.

હુદૈબિયાના હુમલામાં લોકોએ અમીરુલ મોમિનીન (અ.)ની બે એવી નેકીઓ બયાન કરી છે કે જે બીજા કોઈનામાં જોવા મળતી નથી. બીજી નેકીઓનું વર્ણન તો ઉપર કરવામાં આવ્યું છે.(ક્રમશ:)

**ધી વફાદાર ટૂર**

**હજ – ૨૦૧૪**

**અને**

**ઝિયારત – ૨૦૧૪**

**મોહર્રમ ઇરાન–ઇરાક**

જાફરઅલી ભટ્ટ ૯૯૯૮૮૯૭૭૨૦

બાકરઅલી ભટ્ટ ૯૯૯૮૮૨૨૧૨૧

હસનભાઈ ભટ્ટ ૯૯૭૯૯૯૧૭૭૯

ટેલીફેક્સ : ૦૦૯૧–૨૭૭૨–૨૪૩૧૦૬ (ઓ.)
૨૪૪૧૦૬ (રહે.)

Email : info@vafadar.in
vafadar_jafar@hotmail.com

Web site : www.vafadar.in

ઓફિસ : F.F. 30, સન કોમ્પલેક્ષ, મોતીપુરા, હિંમતનગર. સાબરકાંઠા, ગુજરાત




**'બોસ્તાન'માંથી ચૂંટેલી પંક્તિઓ**

## AWARENESS (સજાગત / સાવધપણું)

نہ تدبیر محمود و رای نکوست
کہ دشمن نداند شهنشہ ز دوست
چنان است در مهتری شرطِ زیست
کہ هر کهتری رابدانی کہ کیست

**ને તદબીર મહમૂદ વ રાઈ નકૂસ્ત**
**કે દુશ્મન નદાનદ શહંશા ઝ દોસ્ત**
**ચુનાન અસ્ત દર મેહતરી શેર્તે ઝીસ્ત**
**કે હર કેહતરી રા બદાની કે કીસ્ત.**

(કોઈ બાદશાહ માટે ન તો ડહાપણભર્યું કે વિવેકપૂર્ણ છે કે તે દોસ્ત અને દુશ્મન વચ્ચેનો ભેદ સમજવા માટે અસમર્થ હોય. મહાનતાની માંગ તો એ છે કે જે કોઈ ચઢિયાતો હોય તે એનાથી સજાગ હોવો જોઈએ કે તેનાથી ઉતરતી કક્ષાના લોકો કોણ છે.)

## BACKBITING (નિંદા / ગીબત)

چرا گوید آن چیز در خفیہ مرد
کہ گر فاش گردد شود روی زرد؟

**ચરા ગવીદ આન ચીઝ દર ખુફીયા મર્દ,**
**કે ગર ફાશ ગરદિદ શૂદ રવી ઝર્દ ?**

(કોઈ પણ માણસે કોઈ એવી વાત ખાનગીમાં કહેવી જ શા માટે પડે કે જ્યારે તે જાહેર થઈ જાય ત્યારે તેને ગભરાટ થાય ?)

بد اندر حق مردم نیک و بد
مگوی ای جوانمرد صاحب خِرَد
کہ بد مرد راخصم خود میکُنی
وگر نیکمرد است، بد میکُنی

**બદ અંદર હક મર્દમ નેક વ બદ**
**મગવી અય જવાંમર્દ સાહેબ ખિરદ**
**કે બદ મર્દ રા ખસમ ખૂદ મીકોની**
**વ ગર નેક મર્દ અસ્ત, બદ મીકોની.**

(અય સમજદાર અને બહાદુર માણસ ! નેક અને બદ માણસોની ગીબત ન કર કેમકે એવું કરીને તો તું બદ માણસને તારો દુશ્મન બનાવી દઈશ અને જો કદાચ તે નેક હશે તો તું ગુનેગાર બનીશ.)

هر آنکو بَرَد نام مردم بہ عار
تو چشم نکو گویی از وی مدار
کہ اندر قفای تو گوید همام
کہ پیش تو گفت از پسِ مردمان

**હર આંકૂ બરદ નામ મર્દમ બે આર,**
**તૂ ચશ્મ નકૂ ગવી અઝ વી મદાર**
**કે અંદર કિફાઈ તૂ ગવીદ હમાન**
**કે પેશ તૂ ગુફ્ત અઝ પાસે મર્દમાન.**

(જે કોઈ તમારી રૂબરૂમાં બીજાની ગીબત કરતો હોય તેની પાસેથી એવી આશા રાખતા નહીં કે તે તમારા વિશે સારું બોલતો હશે. કેમકે

તમારી પીઠ પાછળ તે તમારી પણ નિંદા કરશે જ, બરાબર એવી જ રીતે કે તેણે બીજાઓની ગેરહાજરીમાં તેમના વિશે તમારી સમક્ષ નિંદા કરી હતી.)

## BEASTLY PROPENSITIES (હેવાની લક્ષણો)

نہ ہر آدمی زادہ از دد بہشت
کہ دد ز آدمی زادۂ بد بہشت
بہشت از دد انسان صاحب خرد
نہ انسان کہ در مردم افتد چو دد
چو انسان نداند بجز خورد و خواب
کدامش فضیلت بود بر دواب؟

**ન હર આદમી ઝાદા અઝ દદ બેહસ્ત**
**કે દદ ઝઆદમી ઝાદા બદ બેહસ્ત**
**બેહસ્ત અઝ દદ ઈન્સાન સાહબે ખરદ**
**ને ઈન્સાન કે દર મર્દમ અફતદ ચૂ દદ**
**ચૂ ઈન્સાન નદાનદ બજુઝ ખૂર્દો ખ્વાબ**
**કદામશ ફઝીલત બૂદ બર દવાબ ?**

(દરેક માણસ કંઈ પશુ કરતાં વધારે ચઢિયાતો નથી હોતો કેમકે જે દુષ્ટ માણસો હોય છે તેમના કરતાં તો પશુઓ વધારે સારાં હોય છે. કોઇ સમજદાર માણસ કોઈ પશુ કરતાં વધારે સારો છે, પરંતુ એવો માણસ સારો નથી કે જે કોઈ પશુની માફક લોકો સાથે દુષ્ટ વ્યવહાર કરે છે. જ્યારે કોઈ માણસ માત્ર ખાવાનું અને ઊંઘવાનું જ કાર્ય કર્યા કરતો હોય તો તે ભાર વાહક પશુઓ કરતાં ચઢિયાતો છે એવું કેવી રીતે કહેવાય ?)


મો. સાદિકઅલી આર. ભોરણીયા
(રસુલપુર ખે.)મો.99244 18243

મો.આબિદઅલી ડી. સુથાર
(શેખપુર ખે.)મો.9898435809

કામરાન એક્રેલીક
& L.E.D. સાઈન બોર્ડ




- એક્રેલીક બોક્સ લેટર સાઇન બોર્ડ
- L.E.D. સાઇન બોર્ડ
- ઓપન L.E.D. સાઇન બોર્ડ
- ક્લીયર એક્રેલીક સાઇન બોર્ડ
- A.C.P. લેટર સાઇન બોર્ડ
- સ્ટીલ લેટર સાઇન બોર્ડ
- રેડીયમ સાઇન બોર્ડ
- વિનાઇલ & ફલેક્સ સાઇન બોર્ડ
- ચેનલ સાઇન બોર્ડ

હોટલ દુકાનને લગતા દરેક પ્રકારના સાઈન બોર્ડ અને L.E.D.નુ કામ કરી આપવામા આવશે
ઓફીસઃ ન્યુ ચીરાગ L.E.D. હાઉસ બસ સ્ટેન્ડ પાસે વડનગર
Email ; newchiragled@gmail.com

# નહજુલ અસરાર

**સંપાદક :** મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા **અનુવાદ :** મો.કાસમભાઈ વિજાપુરા

## ખુત્બતુલ બયાન

હઝરત અલી (અ.)એ ફરમાવ્યું,

હું એ છું કે જેની પાસે ગેબની ચાવીઓ છે કે જેમને મોહંમદ (સ.)ના પછી મારા સિવાય બીજું કોઈ જાણતું નથી અને હું દરેક વસ્તુનું ઈલ્મ ધરાવું છું. હું એ છું કે જેના માટે રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું કે હું ઈલ્મનું શહેર છું અને અલી (અ.) તેનો દરવાજો છે. હું ઝુલ્કરનૈન છું કે જેનો ઝિક્ર ભૂતકાળના સહીફામાં મોજૂદ છે. હું એવો હજરે મુકર્રમ (પવિત્ર પથ્થર)છું કે જેમાંથી બાર ઝરણાં નીકળશે. હું એ છું કે જેની પાસે સુલયમાન (અ.) ની અંગૂઠી છે (અર્થાત્ હું તમામ જિન્નાતો અને ઈન્સાન અને તમામ મખ્લૂકાત ઉપર અધિકાર ધરાવનારો છું) હું એ છું કે જેના માથે પ્રજાના હિસાબો કરવામાં આવ્યા છે. હું લોહે મહેફૂઝ છું કે (જેના ઝમીરમાં કોમી અને ઈલાહી હકીકતો મોજૂદ છે.) હું જનબુલ્લાહ અને ખુદાનું દિલ (કલ્બે ખુદા) છું. હું લોકોની આંખો અને દિલોને ફેરવનારો છું. તેમની પૂછપરછ અમારી તરફ અને તેમનો હિસાબ મારા માથે છે. હું એ છું કે જેના માટે રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું કે યા અલી ! સિરાતે મુસ્તકીમ જ તમારો રસ્તો છે અને મારા ઊભા રહેવાની જગ્યા તમારા ઊભા રહેવાની જગ્યા છે. હું એ છું કે જેની પાસે ભૂતકાળની અને ભવિષ્યકાળની કિતાબનું ઈલ્મ છે. હું છું આદમે અવ્વલ (નો સાથી), હું છું નૂહે અવ્વલ (નો મદદગાર), હું છું ઈબ્રાહીમ ખલીલનો દોસ્ત જ્યારે કે તેમને આગમાં નાખવામાં આવ્યા. હું અલ્લાહના રહસ્યોની હકીકત છું. હું મોમિનોનો મિત્ર અને હમદર્દ છું, અસ્બાબ (કારણો)ને બનાવનારો હું છું, વાદળોને પેદા કરનારો હું છું, વૃક્ષોમાં પાંદડાં પેદા કરનારો હું છું, ફળોને લગાવનારો હું છું, ઝરણાંને વહેતાં કરનારો હું છું. જમીનોને પાથરનારો હું છું, આસમાનોને બુલંદ કરનારો હું છું, હક અને બાતિલમાં ફરક કરનારો હું છું, જન્નત અને જહન્નમને વહેંચનારો હું છું, વલી એ ખુદનો અનુવાદ હું છું. અલ્લાહના તરફથી માઅસૂમ પેદા થયેલો છું. હું ઈલ્મે ઈલાહીનો ખજાનચી છું એ મખ્લૂક ઉપર કે જે આસમાનો અને જમીનો ઉપર છે હું હુજ્જતે ખુદા છું, હું અદ્લથી પ્રશંસા પામેલો અને કાયમ છું. હું દાબતુલ અર્ઝ (જમીનની શાનોશૌકત) છું, હું કયામતના દિવસે સૂરની પહેલી ફૂંક છું અને હું રાઝિફ છું. હું એ બહરક ચીખ (જોરદાર પોકાર) છું કે જે ખિલ્કતના બહાર નીકળવાના દિવસે થશે. હું એ છું કે જેનાથી આસમાનો અને જમીનની મખ્લૂક છુપાયેલી છે. હું એ સાઅત (સાહેબે રોઝે કયામત) છું કે જેના જૂઠલાવવાવાળા માટે જહન્નમ છે. હું એ કિતાબ છું કે જેમાં કોઈ પણ પ્રકારનો શક નથી. (અર્થાત્ કુરઆને નાતિક) છું. હું ખુદાનાં એવાં અસ્માએ હુસ્ના (સુંદર નામો) છું કે જેનાથી દુઆ કરવાનો અલ્લાહનો હુકમ

છે. હું એવું નૂર છું કે જેનાથી મૂસા (અ.)એ કંઈક હાંસિલ કર્યું અને હિદાયત મેળવી. હું (દુનિયાના) મહેલોને નાબૂદ કરવાવાળો અને મોમિનોને કબરોમાંથી બહાર કાઢનારો છું.હું એ છું કે જેમની પાસે પયગમ્બરોની કિતાબોમાંથી એક હજાર કિતાબો છે. હું દુનિયાની દરેક ભાષામાં વાત કરું છું. હું નૂહનો સાથીદાર અને તેમને નજાત અપાવનારો છું. હું તકલીફમાં સપડાયેલા અય્યૂબનો સાથીદાર અને શિફા આપવાવાળો છું અને હું યૂનુસ (અ.) નો સાથીદાર અને નજાત અપાવનાર છું. હું સાહેબે સૂર છું. હું કબરોમાંથી લોકોને બહાર કાઢનારો અને કયામતના દિવસોનો સાહેબ, માલિક છું. મેં સાત આસમાનોને મારા રબના હુકમથી અને કુદરતથી કાયમ કર્યાં છે હું ગફુર્રરહીમ છું અને નિ:શંકપણે કે મારો અઝાબ, તેનો અઝાબે અલીમ છે. હું એ છું કે જેના કારણે ઈબ્રાહીમ ખલીલ સલામત રહ્યા અને મારી મહાનતાનો એકરાર કર્યો. હું મૂસાનો અસા છું અને તેના દ્વારા સઘળી મખ્લૂકને પેશાની (ના બાલ)થી પકડવાવાળો છું. હું એ છું કે જેણે આલમે મલકૂત (ફરિશ્તાઓને રહેવાની જગ્યા) પર નજર કરી અને પોતાના સિવાય કોઈ ચીજ ન જોઈ અને મારા સિવાય અન્યને ગાયબ જોયો. હું એ છું કે જે આ મખ્લૂકના દુશ્મનોની ગણતરી કરું છું. જો કે તેઓ ઘણા છે એટલે સુધી કે તેમને અલ્લાહ સુધી પહોંચાડું, હું એ છું કે જેની પાસે કલામ બદલાઈ જતા નથી. હું ખુદાના બંદાઓ ઉપર જુલ્મ કરવાવાળો નથી. હું જમીન ઉપર અલ્લાહનો વલી છું અમ્રે ખુદા (ખુદાના મામલા) મને સોંપવામાં આવ્યા છે અને હું તે બંદાઓ ઉપર હાકિમ છું. હું એ છું કે જેણે ચાંદ અને સૂરજને બોલાવ્યા અને તેમણે મારી ઈતાઅત કબૂલ કરી. હું એ છું કે જેણે સાતેય આસમાનોને દાવત આપી. તેમણે મારા હુકમોને કબૂલ કર્યા. પછી મેં હુકમ કર્યો અને તેઓ કાયમ થઈ ગયા. હું એ છું કે જેણે નબીઓ અને રસૂલોને મબઊસ કર્યા. હું છું જમીનોને પાથરવાવાળો અને સઘળી વિલાયતોની પરિસ્થિતિઓથી આલમમાં છું અમ્રે ખુદા અને તેની રૂહ જેમકે ખુદાએ ફરમાવ્યું કે (લોકો) તમને રૂહની બાબતમાં સવાલ કરે છે તો કહી દો કે રૂહ મારા રબના અમ્રથી છે. હું એ છું કે જેના માટે અલ્લાહે પોતાના નબીથી કહ્યું કે તમે બન્ને દરેક કાફિરે અનીદને (ઝઘડાખોર કાફિરને) જહન્નમમાં નાખો. હું એ છું કે ખુદાના હુકમથી બધી ચીજોનું સર્જન અસ્તિત્વમાં લાવ્યો, હું એ છું કે જેણે પહાડોને લંગર બનાવ્યાં અને જમીનોને ફેલાવી. હું છું ઝરણાંને બહાર કાઢનારો અને ખેતરોને ઊગાડનારો અને વૃક્ષોને લગાવનારો અને મેવાઓને કાઢનારો.હું એ છું કે જેઓ લોકોના ખાવાના અંદાજો લગાવું છું અને વરસાદ વરસાવું છું અને વાદળોની ગર્જના સંભળાવું છું અને વીજળીને ચમકાવું છું. હું છું સૂરજને રોશની આપનારો અને સવારને તુલૂઅ કરનારો (ઊગાડનારો) અને સિતારાઓને પેદા કરનારો. હું સમંદરોમાં કશ્તીઓનો સાથી છું. હું કયામત બરપા કરીશ. હું એ છું કે જેને મોત આપવામાં આવે તો ય નહીં મરું અને અગર કતલ કરી દેવામાં આવું તો ય કતલ નહીં થાઉં. હું દરેક ક્ષણે અને પળે પેદા થનારી ચીજોને અને હૃદયોમાં પેદા થનાર ખતરાઓને જાણવાવાળો છું અને આંખોને ઝપકવાની હાલત અને જે કંઈ છાતીઓમાં ગુપ્ત છે તે બધું જ જાણું છું હું મોમિનોની નમાઝ ઝકાત અને જિહાદ છું. હું એ છું કે જેના માટે અલ્લાહે ફરમાવ્યું કે જ્યારે સૂર ફૂંકવામાં આવશે, હું નશ્રે અવ્વલ (પહેલાં અને

છેલ્લાં જીવતાં કરનારો) અને આખરનો માલિક તેમજ મુખ્તાર છું. હું એ છું કે જેના નૂરને અલ્લાહે સૌથી પહેલાં પેદા કર્યું. હું છું સાહેબે કવાકિબ (રોશન તારાઓ) અને દોલતને નષ્ટ કરવાવાળો. ધરતીકંપ અને રાજેફા (راجفہ) મારા ઈખ્તિયારમાં છે. હું મનાયા અને બલાયા (રહસ્યો અને આપત્તિઓના જ્ઞાન)થી વાકેફ છે અને હક તેમજ બાતિલમાં ફરક કરવાવાળો છું હું મોટા મોટા થાંભલાઓવાળા જન્નતનો માલિક છું કે જેનો બરોબરિયો કોઈ દુનિયામાં પેદા નથી થયો તેમાં જે કંઈ જવાહિરો, વગેરે છે તે હું છું તેનું ખર્ચ કરવાવાળો હું છું. હું એ છું કે જેણે ઝુલ્ફિકારથી સરકશોને અને જાબિરોને હલાક કર્યા છે, હું એ છું કે જેણે નૂહ (અ.)ને કશ્તીમાં સવાર કરાવ્યા. હું એ છું કે જેણે ઈબ્રાહીમ (અ.) ને નમરૂદની આગથી નજાત અપાવી અને તેમનો મદદગાર હતો. હું યૂસુફ સદીકનો વાલી અને મદદગાર હતો. અને તેમને કૂવામાંથી બહાર કાઢ્યા. હું મૂસા (અ.) અને ખિઝર (અ.)નો સાહેબ અને તાલીમ આપનારો છું. હું મુન્શીએ મલકૂત તથા કૌનો મકાં છું. હું પેદા કરવાવાળો છું. હું માતાઓના પેટમાં સૂરતોને બનાવવાવાળો છું. હું જન્મજાત આંધળાઓને દ્રષ્ટિ આપનારો અને કોઢના બીમારો (مبروض)ને સાજા કરનારો છું અને જે કંઈ દિલોમાં છે તેનાથી વાકેફ છું તમે જે કંઈ ખાઓ છો અને તમારા ઘરોમાં સંગ્રહ કરો છો તેનાથી વાકેફ છું. હું એ بعوضہ (બઊઝા) છું કે જેની મિસાલ અલ્લાહે કુરઆનમાં બયાન ફરમાવી છે. હું એ છું કે જેને અલ્લાહે કાયમ કર્યો જ્યારે કે તમામ મખ્લૂક અંધકારમાં ઘેરાયેલી હતી. અને મખ્લૂકને મારી ઈતાઅતની તરફ દાવત આપી તેથી જ્યારે તે જાહેર થઈ ગઈ (તો મખ્લૂકે આલમ અસ્તિત્વમાં આવી ગયું.) તો તેના અમ્રથી ઈન્કાર કરી દીધો જેમકે ખુદા ફરમાવે છે પછી જ્યારે તે તેમની પાસે આવ્યો તો તેમણે તેને ન ઓળખ્યો અને કાફિર થઈ ગયા. હું એ છું કે જેણે કુદરતની ઈચ્છાથી હાડકાંને ગોશ્તનો લિબાસ પહેરાવ્યો. હું ઓલાદમાંથી ભલા લોકોની સાથે અર્શે ખુદાનો અને લિવાએ હમ્દને ઉપાડનારો છું હું કુરઆનની તાવીલનો અને ભૂતકાળની કિતાબોનો આલિમ છું. હું કુરઆનના ઈલ્મમાં પાક્કો છું. હું આસમાનો અને જમીનમાં વજ્હે ખુદા (અલ્લાહનો સબબ) છું કે જેના માટે ખુદાએ ફરમાવ્યું, દરેક ચીજ નાશ પામશે સિવાય તેના ચહેરાના. હું છું શયતાન, વગેરેને સળગાવી દેનારો. હું એ અલ્લાહનો દરવાજો છું કે જેના માટે અલ્લાહે ફરમાવ્યું કે જે લોકોએ અમારી આયતોને જૂઠલાવી અને સરકશી કરી તેમના માટે ન તો આસમાનોના દરવાજા ખોલવામાં આવશે કે ન તો તેઓ જન્નતમાં દાખલ થશે ત્યાં સુધી કે ઊંટ સોયના કાણામાંથી દાખલ ન થઈ જાય અને આ રીતે અમે અપરાધીઓને બદલો આપીએ છીએ. હું એ છું કે જિબ્રઈલ અને મીકાઈલને એ પાણી ઉપર આચ્છાદિત કર્યા કે જે જન્નતમાંથી નીકળે છે. હું જ ફરિશ્તાઓને ફર્શ ઉપર બદલતો રહું છું અને દુનિયાની તમામ વિલાયતોના લોકોને જાણું છું.હું એ હું કે જેના માટે સૂર્ય બે વખત પલટાવવામાં આવ્યો.હું એ છું કે અલ્લાહે જિબ્રઈલ અને મીકાઈલને મારી ઈતાઅતના માટે મહસૂસ કર્યા. હું અલ્લાહના અસ્માએ હુસ્ના (સુંદર નામો) માંથી એક ઈસ્મ (નામ) છું કે જે મહાન અને ઉચ્ચ છે હું સાહેબે તૂર છું. અને સાહેબે કિતાબે મસ્તૂર (અર્થાત્ લોહે મહેફૂઝ) છું. હું બૈતુલ મામૂર છું. હું જ એ ખેતી અને નસલ છું... (ક્રમશઃ)

Ref : Wayfaring (My search for Truth)

લેખન : હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

- **How to love people** (માણસોથી મોહબ્બત કેવી રીતે કરવી)

  Did you just find yet another reason to hate someone? Don't delay. Invent yet another excuse to love the person. Keep loving people, stay away from hate.

  શું કોઈની સાથે નફરત કરવાનું બીજું કોઈ કારણ તમે શોધી કાઢ્યું ? વિલંબ ના કરતા. તે વ્યક્તિની સાથે મોહબ્બત કરવાનું બીજું કોઈ બહાનું શોધી કાઢો. લોકોની સાથે મોહબ્બત કરતા રહો અને લોકો સાથે નફરત કરવાથી દૂર રહો.

- **Walking** (ચાલવું)

  Do you think you walk on the ground? Think again. Nobody walks on the ground. The foot which is on the ground only gives you stability, while the foot which is in the air takes you forward.

  શું તમે એવું માનો છો કે તમે જમીન ઉપર ચાલો છો ? ફરીથી વિચાર કરો. કોઈ પણ માણસ જમીન પર ચાલતો જ નથી. તમારો જે પગ જમીન ઉપર હોય છે એ તો માત્ર તમને સ્થિરતા બક્ષે છે જ્યારે જે પગ હવામાં હોય છે એ જ તમને આગળ ધપાવે છે.

- **Truth** (સત્ય)

  Truth lies beyond the four walls of the fantastical room called ego. Get out of it and you'll just begin to discern Truth.

  સત્ય તો અહમ્ નામની કાલ્પનિક કોટડીની ચાર દિવાલોની પેલે પાર રહેલું છે. તેમાંથી બહાર નીકળી જાઓ અને તરત જ તમે સત્યને શોધવાની શરૂઆત કરી દેશો.

- **Perfection** (સંપૂર્ણતા)

  What nature deems to be perfect, is perfect, howsoever imperfect it may seem. What we think is perfect, may not be perfect at all, howsoever perfect

it may seem. In that sense, a handicapped person may be more perfect than a meticulous bodybuilder.

કુદરત જેને સંપૂર્ણ હોવાનું માનતી હોય તે જ સંપૂર્ણ છે ભલે ને તે અપૂર્ણ લાગતું હોય. આપણે જેને સંપૂર્ણ હોવાનું માનતા હોઈએ તે કદાચ સંપૂર્ણ હોઈ શકે જ નહીં, ભલેને તે ગમે તેટલું સંપૂર્ણ લાગતું હોય. એ દૃષ્ટિએ જોઈએ તો ચોકસાઈવાળા બોડી બિલ્ડર કરતાં તો કોઈ વિકલાંગ માણસ વધારે સંપૂર્ણ હોઈ શકે.

- **His will, My prayers** (તેની (અલ્લાહની) મરજી, મારી દુઆઓ)

  Disease, His will. Health, His will. Poverty, His will. Affluence, His will. Calamity, His will. Development, His will. Failure, His will. Success, His will. Death, His will. Life, His will. He wills according to my prayers. Then why should I ever dread either disease or poverty or calamity or failure or death?

  રોગ, તેની (અલ્લાહની) મરજી. તંદુરસ્તી, તેની મરજી. ગરીબાઈ તેની મરજી. સમૃધ્ધિ, તેની મરજી. આફત, તેની મરજી. વિકાસ, તેની મરજી. નિષ્ફળતા, તેની મરજી. સફળતા, તેની મરજી. મોત, તેની મરજી. જીવન, તેની મરજી. તે મારી દુઆઓ અનુસાર મરજી કરે છે તો પછી મારે કદી રોગ કે ગરીબાઈ કે આફત કે નિષ્ફળતા કે મોતથી શા માટે ડરવું જોઈએ ?

- **Lifespan** (જીવનકાળ)

  Give up greed for life and fear of death, and you will come to know precisely how much life is left inside you. Your lifespan will always be less than what your greed for life will suggest, and more than what your fear of death will suggest.

  જીવવા માટેનો લોભ અને મરવા માટેનો ડર છોડી દો અને તમે ચોક્કસપણે જાણવા પામશો કે તમારી અંદર કેટલું જીવન બાકી છે. તમારા જીવનનો સમયગાળો હંમેશાં જીવવા માટેનો લોભ જે કંઈ સૂચવશે તેના કરતાં ઓછો જ હશે અને મોત માટેનો ડર જે કંઈ સૂચવતો હશે તેના કરતાં વધારે જ હશે.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**

# ખુત્બો : એકતા વિષે

૧૨

પ્રસ્તુતકર્તા : મોલ્વી ઈસ્માઈલભાઈ હાસમભાઈ સુથાર (પાડગોલવાળા)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلۡحَمۡدُ لِلّٰہِ رَبِّ الۡعٰلَمِیۡنَ وَالصَّلٰوۃُ وَالسَّلَامُ عَلٰی مُحَمَّدٍ وَّاٰلِہِ الطَّیِّبِیۡنَ

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

(પારો-૪, રુકૂઅ-૨, સૂરા આલે ઈમરાન-૧૦૩)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

وَاعۡتَصِمُوۡا بِحَبۡلِ اللّٰہِ جَمِیۡعًا وَّلَا تَفَرَّقُوۡا ۪ وَاذۡکُرُوۡا نِعۡمَتَ اللّٰہِ عَلَیۡکُمۡ اِذۡ کُنۡتُمۡ اَعۡدَآءً فَاَلَّفَ بَیۡنَ قُلُوۡبِکُمۡ فَاَصۡبَحۡتُمۡ بِنِعۡمَتِہٖۤ اِخۡوَانًا ۚ وَکُنۡتُمۡ عَلٰی شَفَا حُفۡرَۃٍ مِّنَ النَّارِ فَاَنۡقَذَکُمۡ مِّنۡہَا ؕ کَذٰلِکَ یُبَیِّنُ اللّٰہُ لَکُمۡ اٰیٰتِہٖ لَعَلَّکُمۡ تَہۡتَدُوۡنَ ﴿۱۰۳﴾

*(અને જુઓ, બધા મળી એકત્ર થઈને અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડી લો અને જુદા જુદા ન થઈ જાઓ. અલ્લાહે તમને જે નેઅમત આપી છે, તેની યાદથી ગાફિલ ન થઈ જતા. તમારી સ્થિતિ એ હતી કે આપસમાં તમે એકબીજાના શત્રુ હતા, પરંતુ તેની કૃપા મહેરબાનીથી એવું થયું કે ભાઈ ભાઈ બની ગયા, અને તમે સળગતી આગની ભઠ્ઠીના કાંઠે પહોંચી ગયા હતા તો અલ્લાહે તમને ત્યાંથી થંભાવ્યા અને મુક્તિ અપાવી. અલ્લાહ આવી જ રીતે પોતાની આયતો તમારી સામે પ્રગટ કરે છે કે કદાચ તમે હિદાયત મેળવો.)*

આ આયતમાં અલ્લાહે તેની રસ્સીને પકડવાની વાત કરી છે. તો આ રસ્સી કઈ છે ? તફસીરે અયાશીમાં ઈમામ મોહંમદ બાકિર (અ.)થી મન્કૂલ છે કે અલ્લાહની રસ્સીથી મુરાદ કુરઆન અને અહલેબૈત છે. આ અલ્લાહે આપેલી નેઅમત છે. તેનાથી ગાફિલ ન થવું જોઈએ. આ આયતમાં આપણા ભૂતકાળની પણ વાત કરી છે એટલે કે આપણે પહેલાં આપસમાં એકબીજાના શત્રુ હતા અને અલ્લાહની જ કૃપાથી આપણે આપસમાં મળ્યા અને સળગતી ભઠ્ઠીના કિનારે હતા, તો એમાં પણ અલ્લાહે મહેરબાની કરી કે તેનાથી દૂર કર્યા. મુક્તિ અપાવી તો અલ્લાહે આપણને એકબીજાની સાથે મેળાપ કરાવ્યો, પણ હવે મેળાપ થયા પછી જો જુદા પડીએ તો આપણી જ ખામી છે અને તેને આપણે સુધારવી જોઈએ. આપણી જાતને સુધારવા માટે જ તો અલ્લાહે રસ્સી આપણી સમક્ષ મૂકી છે એટલે કે કુરઆન અને અહલેબૈત. તેમનાથી જ સબક ગ્રહણ કરીને એક થવાનું છે અને આપસમાં એકતા હશે તો જ આ અલ્લાહની આ રસ્સીને

મજબૂતીથી પકડી શકીશું, નહીંતર કદાચ નિષ્ફળ થઈ શકીએ તેમ છીએ.

કુરઆને કરીમ સંપ અને ભાઈચારાની અઝીમ નેઅમત તરફ ધ્યાન દોરે છે અને મુસલમાનોને આહ્‌વાન આપે છે કે તેઓ ભૂતકાળની દયાજનક હાલત પર ચિંતન કરે અને તે સમયના ભેદભાવોની સંપ અને એકતાની સાથે સરખામણી કરે. કુરઆને કરીમનું કથન છે કે અલ્લાહે તમારા દિલોમાં મોહબત અને લગાવ પેદા કર્યા. આ બાબત દ્વારા ઈસ્લામના એક સામાજિક મોઅજિઝા તરફ સંકેત કરવામાં આવેલ છે. અગર ઈસ્લામના આગમન અગાઉની અરબોની અદાવતો પર વિચાર કરવામાં આવે તો જણાશે કે એ લોકોનાં દિલ સદીઓ સુધી ઈર્ષા અદેખાઈથી ભરપૂર રહેતાં હતાં અને નાની નાની વાતો પર ઝઘડી પડતા હતા અને વાત ખૂનરેજી સુધી પહોંચી જતી હતી. ખાસ કરીને, આ બાબત ધ્યાન આપવા યોગ્ય છે કે નાદાન, અભણ અને જાહિલ જેવા લોકો હઠધર્મી હોય છે અને ભૂતકાળની નાની નાની વાતોને આસાનીથી ભૂલતા નથી. આવા સંજોગોમાં ઈસ્લામના મહાન સામાજિક ચમત્કારની અગત્યતા સ્પષ્ટ થઈ જાય છે અને આથી સાબિત થાય છે કે સામાન્ય પ્રકારે તો આ વાત અશક્ય હતી કે આવા ઈર્ષા અદેખાઈ કરનારા અને નાદાન લોકોમાં શાંતિ અને ભાઈચારો પેદા થાય અને તેઓ એક પ્રજા બની જાય અને તેમને એકબીજાના ભાઈ બનાવી દેવામાં આવે, તો આવા સંજોગોમાં પણ અલ્લાહે તેના રસૂલ થકી હિદાયત કરીને બતાવી દીધું કે એકતામાં જ ભલાઈ છે.

સંપ અને એકતા ચમત્કારિક મહત્ત્વ ધરાવે છે, જો કે સામૂદાયિક હેતુઓ અને સામાજિક પ્રગતિ માટે એકતાની ખૂબ જ જરૂર છે. કોઈ પણ વિકાસશીલ કામ માટે એકતાની ખૂબ જ આવશ્યકતા છે.

દા.ત., વર્તમાન સમયમાં દુનિયાના વિવિધ ભાગોમાં મોટા મોટા બંધો બાંધવામાં આવ્યા છે, એમના થકી સિંચાઈ અને વીજળીની સગવડો મળે છે અને અનેક પ્રકારના ઉદ્યોગો ચાલે છે. ઊંડાણપૂર્વક વિચારીએ તો સમજાશે કે આટલી જબરદસ્ત શકિત ફક્ત પાણીના મામૂલી ટીપાઓની એકતાના કારણે શક્ય બની છે. જો પાણીનાં ટીપાંની એકતાથી આવી મહત્ત્વની શકિતઓ પેદા થતી હોય તો વિચાર કરો કે ઈન્સાન કે જે અશરફુલ મખ્લૂકાત (સર્વશ્રેષ્ઠ સર્જન) છે, જો આ સર્વશ્રેષ્ઠ લોકો આપસમાં એકબીજાની વચ્ચે સંપ અને એકતા બનાવી લે, તો શું શું થઈ શકે ?

રસૂલલ્લાહ (સ.)નું કથન છે. મોમિનો એકબીજા માટે ઈમારતના હિસ્સાઓની જેમ છે, જેમાં દરેક ભાગ બીજા ભાગની મજબૂતીનું કારણ બને છે. હુઝૂર (સ.) ફરમાવે છે કે મોમિન એકબીજા પ્રત્યે મોહબ્બત રાખવામાં એકબીજા પર રહેમ કરવામાં અને નેકી કરવામાં એક શરીરના અવયવોની જેમ છે. શરીરના એક ભાગને ઈજા થાય છે તો અન્ય ભાગોના આરામ અને શાંતિમાં ખલેલ પડે છે.

આ હદીસથી જાણવા મળે છે કે એકતાનું શું મહત્વ છે. સ્વાભાવિક રીતે વિચાર કરવામાં આવે તો સમજાઈ જશે કે માણસનાં બધાં અંગો એકબીજા સાથે સંકળાયેલાં છે અને એકબીજાની મદદ વડે તે આખા શરીરને ફાયદો પહોંચાડે છે અને તેનાથી જીવન જીવવામાં પણ સારી ગુણવત્તા કેળવી શકાય છે, પણ માણસે

પોતાના સ્વાર્થ ખાતર એકતા કે સંપ રાખવાનો નથી, પણ આ તમામ નેકીઓ અલ્લાહ ખાતર હોવી જોઈએ અને તેના જ વડે અલ્લાહની રઝા પામી શકાય છે જેમકે,

રસૂલે ખુદા (સ.) ફરમાવે છે કે, "ખુદા કહે છે, મારી દોસ્તી અને મોહબ્બત એ લોકોને નસીબ થશે કે જે એકબીજાને મારા માટે દોસ્ત રાખતા હશે અને એકબીજાની મદદ મારી મોહબ્બત ખાતર કરતા હશે અને એકબીજા સાથે મુલાકાત કરતા હશે અને પોતાના માલમાંથી બીજાને આપતા હશે."

તો આપણું દરેક કાર્ય અલ્લાહ ખાતર હોવું જોઈએ. જ્યારે અલ્લાહ રહમાનુર રહીમ દરેક માણસની સાથે ન્યાયપૂર્વક વર્તતો હોય તો આપણી પણ ફરજ છે કે આપણે બધા પણ એકબીજા સાથે સારો વર્તાવ રાખીએ અને એકતાને કાયમ કરીએ.

આ હદીસો જાણ્યા પછી એક વાત સાબિત થઈ જાય છે કે એકતામાં જ શકિત સમાયેલી છે. દા.ત., હાથની પાંચ આંગળીઓ એકસરખી છે ખરી ? છતાં એકબીજા સાથે હળીમળીને, એક બનીને કેવું સરસ કામ કરે છે. એકલો હાથ બિચારો શું કરે જો આંગળીઓ સાથ ન આપે તો ? હાથની તાકાત આંગળીઓની એકતામાં જ સમાયેલી છે. હાથ, આંગળીઓ દ્વારા જ મુશ્કેલીભર્યું કામ કરી શકે છે અને ઊંચાં શિખરો પાર કરી શકે છે, માટે આંગળીઓ અને હાથની એકતા જેવી જ આપણે આપસમાં પણ એકતા રાખવી જોઈએ. આપણે ઈતિહાસના ઘણા પ્રસંગોમાં સાંભળ્યું હશે કે ફલાણી જગ્યાએ જંગ થયા અને અમૂક લોકો તેમાં સફળ થયા, તો જે લોકો સફળ થયા તેમની તરફ મનનથી નજર કરીએ તો જણાઈ આવશે કે જ્યાં સુધી તે જંગ કરનારા સંપ અને એકતાથી લડતા હતા તો તેમાં સફળ થયા, તો જો એક જંગ જીતવા માટે એકતાની જરૂર છે તો આ જિંદગી જીવવા માટે અને તેને સફળતાની મંઝિલે પહોંચાડવા માટે પણ એકતાની જરૂર છે, નહીંતર જેમ જંગમાં એક ટોળું એકતાની ખોટના કારણે નિષ્ફળ જાય છે તેમ આપણે જિંદગી જીવવામાં નિષ્ફળ જઈશું.

એક હદીસમાં રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું છે કે, "ખુદાનો હાથ જમાઅત(ના માથા) ઉપર છે અને શયતાન એવા લોકો સાથે હોય છે કે જે જમાઅત(નો સાથ) છોડી દે છે." (કન્ઝુલ ઉમ્માલ)

વળી આપ (અ.)એ ફરમાવ્યું કે, "અલ્લાહનો હાથ જમાઅતના (સમૂહના માથા) ઉપર હોય છે, તેથી તમારામાંથી કોઈ પણ માણસ જ્યારે જમાઅતથી વિખૂટો થઈ જાય છે ત્યારે શયતાન તેને એવી રીતે ઝડપી લે છે કે જેવી રીતે બકરીના ટોળામાંથી છૂટી પડી ગયેલી બકરીને વરૂ ઝડપી લેતું હોય છે." (કન્ઝુલ ઉમ્માલ)

મૌલા અલી (અ.)એ પોતાની શહાદતના સમયે પોતાના મોટા બેટા હઝરત ઈમામ હસન (અ.)નો હાથ પોતાના હાથમાં લઈને વસિયત કરી, "અય બેટા ! આપસની એકતાને ન ભૂલતા કેમકે આપસની એકતા એ નમાઝ, રોઝા અને હજ કરતાં પણ શ્રેષ્ઠ છે." (માઅસૂમીન (અ.)ની જીવનશ્રેણી, ભાગ-૧)

મોમિનીન અને મોમિનાત ! ઉપરોક્ત રિવાયતથી આપસની એકતાનો કેટલો બધો મહાન સવાબ છે તે જાણવા મળ્યું. આપસમાં એકતા હશે તો દીની કાર્યો બધા મોમિનો આપસમાં મળીને કરી શકીશું. આપસમાં

એકતા હશે તો અલ્લાહની રહેમત આપણા ઉપર નાઝિલ થશે અને સમાજનાં બધાં કાર્યો આસાનીથી કરી શકીશું અને આપણા કામમાં અલ્લાહ બરકત આપશે. આપસમાં સંપ, મોહબ્બત, ભાઈચારો રાખવો તે ઈમાનની નિશાની છે. એકતાથી ઘણા ફાયદાઓ થાય છે. આપસની એકતાથી એકબીજાના સુખદુઃખમાં શરીક થઈ શકાય છે.

મૌલા અલી (અ.) નહજુલ બલાગામાં ફરમાવે છે કે, "લોકોની સાથે નેક વર્તાણૂકથી નિકટતા રાખવી તે તેમની દુષ્ટતાથી બચવાનો શ્રેષ્ઠ માર્ગ છે." તમારામાંના નાનાઓને જોઈએ કે પોતાના મોટાઓનું અનુકરણ કરે અને મોટાઓની ફરજ છે કે પોતાના નાનાઓ પર મહેરબાની કરે અને ખબરદાર ! તમે લોકો જાહેલિયતના એ જાલિમો જેવા ન થઇ જતા કે જેઓ ન તો દીનનું ઇલ્મ મેળવતા હતા કે ન અલ્લાહ વિષે સમજ બુધ્ધિથી કામ લેતા હતા. (ખુત્બા નં. ૪૦૧, ૧૬૬)

મોમિનીન અને મોમિનાત ! મૌલા અલી (અ.)ના ઉપરોક્ત ખુત્બાથી જાણવા મળે છે કે એકતાથી લોકોની સાથે નિકટતા વધે છે. નાના-મોટાઓ સાથે પ્રેમથી વર્તન કરાય છે અને નાનાઓ પોતાના મોટાઓનું અનુકરણ કરે છે અને મોટાઓ પોતાના નાનાઓ ઉપર મહેરબાનીથી વર્તે છે. આપસની એકતા વિષે રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું છે કે, "જમાઅત (એકતા) રહેમત છે અને વિખવાદ અઝાબ છે." (કન્ઝુલ ઉમ્માલ)

તો રહેમત વિષે હઝરત ઈસા (અ.) અને તેમની ઉમ્મતની એક વાત સાંભળીએ કે જેથી આપસમાં, જમાઅતમાં એકતા, સંપ અને મોહબ્બત વધે અને ઈમાનમાં વધારો થાય. રિવાયતમાં છે કે હઝરત ઈસા (અ.)ની કોમ ઘણી જ નાફરમાન હતી. ઈસા (અ.)એ પોતાની કોમને ઘણી જ હિદાયત કરી, પરંતુ તેઓ માન્યા નહીં. એક દિવસ હઝરત ઈસા (અ.)એ અલ્લાહ આગળ દુઆ માગી કે, "અય પરવરદિગાર ! મારી કોમ ખૂબ જ નાફરમાન છે. મારું કહેવું પણ માનતી નથી, તો તું તેમના ઉપર અઝાબ નાઝિલ કર." ત્યારે અલ્લાહ તરફથી જિબ્રઈલ (અ.) વહી લઈને આવ્યા અને અલ્લાહનો હુકમ સંભળાવ્યો, "અય ઈસા ! તમારી કોમમાં જ્યાં સુધી આપસમાં એકતા છે ત્યાં સુધી હું અઝાબ નહીં મોકલું."

એ બાબત તો સુપ્રસિધ્ધ છે કે આજના આધુનિક જમાનામાં ઈર્ષા અને વેરઝેરે માણસ માણસ વચ્ચે ફાટફૂટ પડાવી દઈને દુનિયામાં પોનાનું સ્થાન જમાવી દીધું છે. આ વેરઝેરને નાબૂદ કરવા માટે અલ્લાહનું કલામ, અઈમ્મા (અ.)ની હિદાયત અને પીરોની તબ્લીગ પણ આપણને એ જ બતાવે છે અને તે આપણાથી એ જ આશા રાખે છે કે આપણે એકતા ને સંપથી રહીએ. આ આશાને પરિપૂર્ણતા સુધી પહોંચાડવા માટે આપણે એકતાનું પ્રતીક બતાવવાનું છે અને જો આપણે એક થઈશું તો આપણને જે હિદાયત મળી રહી છે તેમાં ઈન્શાઅલ્લાહ વધારો થશે કારણ કે જ્યાં સુધી આપણે દુનિયાની મોહજાળમાંથી બહાર નીકળવાની કોશિશ ન કરીએ તો જેટલા અંશે આપણને હિદાયત મળી રહી છે તેટલા અંશે આપણે તેને અમલમાં ન લાવી શકીએ, પણ આ હિદાયતની વાતો સમજવા માટે દુનિયાની ચમકદમકની હવાથી દૂર રહેવું પડશે. જેમકે નામદાર મુશાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)ના શબ્દો આપણને બરાબર યાદ છે. મેતા ગામમાં

ઉજવાયેલ આપની ગોલ્ડન જ્યુબિલી વખતે આપ નામદારે પોતાના મુખેથી આ મુજબ શબ્દો ઉચ્ચાર્યા હતા, "મારા વહાલા મુરીદો ! આજે તમારે મને જો ખરેખર સાચી ભેટ આપવી હોય તો તમે સમસ્ત જમાઅત મળીને મને એકતાની ભેટ આપો." આ ભેટ આગળ સમસ્ત દુનિયાની કોઈ પણ ભેટ તુચ્છ છે. તો આ હિદાયતથી આપણે સબક લેવાનો છે કે જેથી આપણે બધા સંપ અને એકતાની સાંકળમાં જકડાઈ જઈએ અને કદીય, તે સાંકળ તૂટે નહીં તેવી આશા રાખીએ.

આવી સાંકળમાં સંકળાયેલા હોઈશું ત્યારે જ અલ્લાહની રસ્સી પકડવાની વાત છે તેમાં કામયાબ કહેવાઈશું અને જો અલ્લાહની રસ્સીને મજબૂત પકડેલી હશે તો દુનિયાની કોઈ તાકાત આપણને કમજોર નહીં કરી શકે અને જીવન એવું જીવીએ જેવું મૌલા અલી (અ.) કહે છે, "લોકો સાથે એવો મેળમેળાપ રાખો કે મરી જાઓ તો લોકો રડે અને જીવતા રહો તો તમારા આસક્ત રહે."

**દુઆ :**

- અય અલ્લાહ ! અમને તારી રસ્સીથી કાયમ જોડેલા રાખજે.
- અને તે રસ્સીએ બતાવેલા હુકમો પર ચાલવાની અમને નેક તોફીક આપજે.
- અમને મોહંમદ વ આલે મોહંમદના વસીલાથી એકતાના દાયરામાં કાયમ રાખજે.

સલવાત


**અલમદાર ટૂર્સ**

ઉમરા અને ઝિયારત માર્ચ –૨૦૧૪ અને મે – ૨૦૧૪

(મક્કા – મદીના – ઈરાક અને ઈરાનની ઝિયારત) ( ૩૮ થી ૪૦ દિવસ)

હજ – ઉમરા જે ભાઈ બહેનોને જવાની ઈચ્છા હોય તે વહેલાસર બુકીંગ કરાવવા વિનંતી

**રસૂલભાઈ – ૦૯૭૨૬૯૨૬૪૯૯**
**હસનભાઈ – ૦૯૮૨૪૯૬૮૯૬૦**



# મીર અનીસના મરસિયા

મરસિયા—૨

مرثیہ-۲

**જનાબે ઝૈનબ (અ.)ના ફરઝંદો : ઔન (અ.) અને મોહંમદ (અ.)ની શહાદત**

**جنگ و شہادت عونؑ و محمدؑ پسرانِ حضرتِ زینبؑ**

یہ سنتے ہی بشّاش ہوئی زینبؑ ذی جاہ
فرمایا مبارک ہو سدھاریں ہوئے جنگاہ
امید بر آئی مری المنّت للّٰہ
لو صاحبو اب مرنے کو جاتے ہیں مرے ماہ
رخصت ہی نہ ملتی تھی تامل یہ فقط تھا
سمجھی تھی جو کچھ میں وہ گماں میرا غلط تھا

**યે સુનતે હી બિશ્શાશ હુઈ ઝૈનબે ઝીજાહ**
**ફરમાયા મુબારક હો સિધારેં હુએ જંગાહ**
**ઉમ્મીદબરઆઈમેરીઅલમિન્નતોલિલ્લાહ**
**લો સાહેબો, અબ મરનેકો જાતે હૈ મેરે માહ** ૧૦
**રૂખ્સત હી ન મિલતી થી તઅમ્મુલ યે ફકત થા**
**સમઝી થી જો કુછ મૈં વો ગુમાં મેરા ગલત થા**

(આટલું સાંભળતાંની સાથે જ મરતબાવાળાં જનાબે ઝૈનબ (અ.) આનંદિત થઈ ગયાં. એવું ફરમાવવા લાગ્યાં કે તમે જંગમાં જવા નીકળ્યા છો તો તમને જંગ મુબારક થાય. મારી ઉમેદ પૂરી થઈ ગઈ અલ્લાહની મહેરબાની થઈ ગઈ. લ્યો સાહેબો, જુઓ હવે મારા બે ચાંદ મરવા માટે જઈ રહ્યા છે. તેમને વિદાય જ મળતી ન હતી આ તો ફક્ત સંકોચ હતો. હું જે કંઈ સમજી હતી એ મારો વિચાર ખોટો હતો.)

دونوں نہیں سر ماموں کے قدموں سے اٹھاتے
ہیں آخری وقت اور مجھے پیار دلاتے
ملتی جو اجازت تو گلے پہلے کٹاتے
کیا صاحب غیرت ہیں کہ مجھ تک نہیں آتے
ڈر ہے کہ بھتیجوں کے لیے روئیں گی امّاں
ہم جائیں گے زندہ تو خفا ہوئیں گی امّاں

**દોનોં નહીં સર મામૂં કે કદમોં સે ઉઠાતે**
**હૈં આખરી વકત ઔર મુઝે પ્યાર દિલાતે**
**મિલતી જો ઈજાઝત તો ગલે પહેલે કટાતે**
**કયા સાહેબે ગૈરત હૈં કે મુઝ તક નહીં આતે** ૧૧
**ડર હૈ કે ભતીજોંકે લિયે રોએંગી અમ્મા**
**હમ જાએંગે ઝિંદા તો ખફા હોએંગી અમ્મા**

(ઔનો મોહંમદ બન્ને જણા પોતાના મામૂજાનના કદમો ઉપરથી પોતાનાં સર ઉઠાવતા નથી. આખરી વખત છે અને મને પ્યાર બતાવત તો કેવું સારું થાત ! જો એમને રજા મળી ગઈ હોત તો બધાંના પહેલાં પોતાનાં ગળાં કપાવી નાખત. કેવા સ્વાભિમાની છે કે મને મળવા પણ આવતા નથી. તેમને ડર છે કે ભત્રીજાઓની શહાદત ઉપર અમ્મા ઝૈનબ રડશે. અમે જો જીતવા તેમની પાસે જઈશું તો અમ્મા અમારા ઉપર ગુસ્સે થશે એવો એમને ડર છે.)

فضّہ نے بلایا تو وہ میدان سے آئے    دیکھا انہیں ماں نے کہ سروں کو ہیں جھکائے
چھاتی سے لگانے کے لیے ہاتھ بڑھائے    وہ جوڑ کے ہاتھوں کو سخن لب پہ یہ لائے
ہم دیر سے رخصت کے طلبگار تھے اماں
تقصیر ہماری نہیں لاچار تھے اماں

**ફિઝ્ઝાને બુલાયા તો વો મૈદાન સે આયે, દેખા ઈન્હેં માઁને કે સરોં કો હૈં ઝુકાયે**
**છાતી સે લગાને કે લિયે હાથ બળ્હાયે વો જોડ કે હાથોં કો સુખન લબ પે યે લાયે**
૧૨
**હમ દેર સે રૂખ્સત કે તલબગાર થે અમ્મા !**
**તકસીર હમારી નહીં, લાચાર થે અમ્મા !**

(જ્યારે જનાબે ફિઝ્ઝાએ બોલાવ્યા ત્યારે જ ઔનો મોહંમદ મેદાનમાંથી આવ્યા. તેમની મા ઝૈનબે જોયું તો તેમનાં માથાં ઝુકેલાં હતાં. બીબી ઝૈનબે તેમને છાતીએ લગાવવા માટે પોતાના બન્ને હાથ પહોળા કર્યા. તે બન્ને જણ પોતાના હાથ જોડીને કહેવા લાગ્યા, અય અમ્મા ! અમે તો વિદાય થઈને લડવા જવાની કયારના ય ઈચ્છા રાખતા હતા. અય અમ્મા ! અમારો કાંઈ વાંક ગુનો નથી, અમે લાચાર હતા.)

فرزندوں کے اس عجز پہ رقّت کا ہُوا جوش    چھاتی اُمنڈ آئی تھی مگر رہ گئی خاموش
لپٹا لیا چھاتی سے انہیں کھول کے آغوش    فرمایا میں آزردہ نہیں کھوئے ہو کیوں ہوش
جی بھر کے نہ دیکھا تھا سو دیکھا تمہیں میں نے
پیاسے ہو تو لو دُودھ بھی بخشا تمہیں میں نے

**ફરઝંદોં કે ઈસ ઈજ્ઝ પે રિક્કતકા હુવા જોશ છાતી ઉમંડ આઈ થી મગર રેહ ગઈ ખામોશ**
**લિપટા લિયા છાતી સે ઉન્હેં ખોલ કે આગોશ ફરમાયા મૈં આઝુર્દા નહીં, ખોયે હો ક્યૂં હોશ**
૧૩
**જી ભરકે ન દેખા થા સો દેખા તુમ્હેં મૈંને**
**પ્યાસે હો તો લો દૂધ ભી બક્ષા તુમ્હેં મૈંને**

(પોતાના ફરંઝદોની આવી લાચારી પર બીબી ઝૈનબ એકદમ રડી પડ્યાં. તેમની છાતી ઉભરાઈ આવી હતી, પરંતુ ખામોશ રહી ગયાં. પોતાનો ખોળો ખોલી નાખીને બન્ને ફરઝંદોને છાતી સાથે લિપટાવી દીધા. બીબી ઝૈનબે ફરમાવ્યું કે અય ઔનો મોહંમદ ! હું તમારાથી નારાજ નથી થઈ પછી શા માટે હોશ ખોઈ બેઠા છો ? મેં મન ભરીને

તમને જોયા નહોતા તેથી આજે તમને જોઈ લીધા. જો તમે તરસ્યા હો તો લ્યો, મેં તમને મારું દૂધ પણ માફ કરી દીધું.)

مرنے کو چلے جان نہ کی ماموں سے پیاری　　آؤ مجھے قربان تو ہو لینے دو واری
تھی آگے تو ماں آج سے لونڈی ہوں تمہاری　　مادر سے یہ کہنے لگے باگریہ و زاری
افراطِ محبت سے یہ گفتار نہ کیجے
ناچیز غلاموں کو گنہگار نہ کیجے

૧૪

**મરનેકો ચલે જાન ન કી મામૂં સે પ્યારી　　આઓ, મુઝે કુરબાન તો હો લેને દો વારી**
**થી આગે તો માઁ, આજસે લૌંડી હૂં તુમ્હારી　　માદર સે યે કહેને લગે બા ગિર્યા વ ઝારી**
**અફ્રાતે મોહબ્બત સે યે ગુફ્તાર ન કીજે**
**નાચીઝ ગુલામોં કો ગુનહગાર ન કીજે**

(બીબી ઝૈનબ કહેતાં હતાં, અય ઔનો મોહંમદ ! તમે બન્ને મરવા ચાલ્યા, પરંતુ તમારા જીવને મામાથી વહાલા ન કર્યા. આવો, મને કુરબાન થઈ જવા દો, હું તમારા ઉપર વારી ગઈ છું. પહેલાંના સમયમાં તો હું તમારી મા હતી, પરંતુ આજથી હું તમારી ગુલામડી છું. ઔનો મોહંમદ રડી રડીને પોતાની મા ઝૈનબને કહેવા લાગ્યા, અય અમ્મા ! મોહબ્બતના જોશમાં આવા શબ્દો ન કહો. તમારા આ નાચીઝ ગુલામોને ગુનેગાર ન બનાવો.)


**અમદાવાદના મુસ્લીમ વિસ્તારમાં 2 BHK અને 3 BHK ફ્લેટની સ્કીમ**

AYMAN park
2 & 3 BHK Flats

N.A., N.O.C. અને
ટાઈટલ ક્લીયર
બે લીફ્ટની સુવિધા
વિશાળ પાર્કીંગ
ચીલ્ડ્રન પ્લે એરીયા
સીનીયર સીટીઝન સીટીંગ



**અયમન પાર્ક**
હસનઅલી એચ. પટાવટ
૯૮૨૫૯ ૦૫૫૪૩
જી. કે. પટાવટ
૯૮૨૫૦ ૪૫૨૫૩
મયસમઅલી હોલ્ડા
૯૯૦૯૯ ૪૧૪૨૯

અનીક હોમ્સની બાજુમાં, ૧૦૦ ફુટ રીંગ રોડ,
ટી.પી. સ્કીમ નં. ૮૫, સરખેજ રોડ, અમદાવાદ.

# જ્ઞાનગોષ્ઠિ

સંપાદક : મોમિન રત્ન

## વસિયત વિષે

(ગતાંકનું ચાલુ)

હસન બિન મહબૂબે અબી અય્યૂબથી તેમણે સમાઆથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે એક વખત હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછવામાં આવ્યું કે એક માણસે વસિયત કરી છે કે ૧/૩ (એક તૃત્યાંશ) માલમાંથી એક ગુલામ ૫૦૦ દિરહમમાં આઝાદ કરવામાં આવે તો તેના વસીએ એક ગુલામ ૫૦૦ દિરહમથી ઓછામાં ખરીધ્યો અને રકમમાંથી કંઈક બચી ગઈ તો બચેલી રકમની બાબતમાં આપ (અ.)ની શું રાય છે ? આપ (અ.)એ ફરમાવ્યું, આઝાદ કરવાના પહેલાં બચેલી રકમ તે ગુલામને આપી દેવામાં આવે. પછી મય્યત તરફથી તેને આઝાદ કરી દેવામાં આવે.

**ગુલામે મકાતિબ અને ઉમ વલદના માટે વસિયત :**

(ગુલામે મકાતિબ = પત્રવાહક ગુલામ, ઉમ વલદ = કાકાનો દીકરો) (૫૫૦૫)

આસમ બિન હમીદે મોહંમદ બિન કૈસથી તેમણે ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ એક એવા ગુલામે મુકાતિબના વિષે ફરમાવ્યું કે જેના નિકાહમાં એક આઝાદ સ્ત્રી હતી અને તે સ્ત્રીએ પોતાના મોતના સમયે તેના માટે વસિયત કરી તો સ્ત્રીના વારસદારોએ કહ્યું કે તેના માટે વસિયત જાઈઝ નથી. તે ગુલામ છે, હજુ આઝાદ થયો નથી. તો હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ ફેંસલો ફરમાવ્યો કે તે જેવી રીતે આઝાદ થયો છે એ હિસાબથી તે મીરાસ (વારસો) મેળવશે અને જે રીતે તે આઝાદ થયેલો છે એ જ હિસાબથી તેના માટે વસિયત પણ જાઈઝ છે. વળી આપ (અ.)એ તે મકાતિબની બાબતમાં ફેંસલો ફરમાવ્યો કે જે પોતાની જવાબદારીની અડધી રકમ અદા કરી ચૂક્યો છે. તો આપ (અ.)એ તેના માટે અડધી વસિયતની ઈજાઝત આપી દીધી અને એક મકાતિબના માટે ફેંસલો ફરમાવ્યો કે જેણે પોતાની મકાતિબની ચોથા ભાગની રકમ અદા કરી દીધી છે અને તેના માટે વસિયત કરવામાં આવી તો આપ (અ.)એ તેને ચોથા ભાગની વસિયતની પરવાનગી આપી દીધી. અને આપ (અ.)એ મકાતિબના માટે ફરમાવ્યું કે જેના માટે વસિયત કરવામાં આવી છે અને તેને પોતાની મકાતિબાની રકમનો છઠ્ઠો ભાગ અદા કરી દીધો તો આપ (અ.)એ જેટલા પ્રમાણમાં તે આઝાદ થયો હતો એટલા હિસાબે વસિયતમાં ભાગ મેળવવાની પરવાનગી આપી દીધી. (૫૫૦૬)

હસન બિન મહેબૂબે જમીલ બિન સાલેહથી, તેમણે અબી ઉબૈદાથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં ઈમામ જાફર સાદિક (અ.)થી પૂછ્યું કે એક માણસની ઉમ્મે વલદ (કાકાની દીકરી) હતી અને

તેના બતનથી એક છોકરો હતો. જ્યારે મરણનો સમય નજીક આવ્યો તો તેણીએ તેના માટે બે હજાર દિરહમની અથવા તેનાથી વધારેની વસિયત કરી. તો શું હવે તેના વારસદારોને એવો અધિકાર છે કે તેને કનીઝ બનાવીને રાખે ? આપ (અ.)એ ફરમાવ્યું કે ના પરંતુ મય્યતના એક તૃત્યાંશ (ત્રીજા ભાગના) હકમાં તેને આઝાદ કરી દે અને જે કંઈ તેના માટે વસિયત કરવામાં આવી છે તે તેને આપી દે. (૫૫૦૭)

અહમદ બિન મોહંમદ બિન અબી નસ્ર બિઝનતીથી રિવાયત કરવામાં આવી છે. તેમનું બયાન છે કે મેં હઝરત ઈમામ અબુલ હસન (અ.)ના હાથ મુબારકથી લખેલા એક લખાણથી નકલ કરી છે (આપ (અ.)ને પૂછવામાં આવ્યું) કે આપ (અ.)ના એક દોસ્તદારના ભત્રીજાએ રહેલત ફરમાવી અને તેને પોતાની પાછળ એક અમ્મ વલદ (કાકાની દીકરી) છોડી કે જેના માટે કોઈ છોકરો નથી અને તેણે પોતાની તે કાકાની દીકરીના માટે એક હજાર દિરહમની વસિયત કરી છે. શું આની એ વસિયત જાઈઝ છે ? શું તેણી આઝાદી મેળવશે ? અને તેની શું સૂરત હશે ? મારો જીવ આપના ઉપર કુરબાન થાય. આપ (અ.)નો શું અભિપ્રાય છે ? તેની સૂરત કેવી હશે ? તો આપ (અ.)એ જવાબમાં લખાણમાં ફરમાવ્યું કે એક તૃત્યાંશ (ત્રીજા ભાગના) માલમાં તેને આઝાદ કરી દેવામાં આવે અને તેના માટે વસિયત (ની રકમ) છે. (૫૫૦૮)

**એક માણસે એક વ્યક્તિ માટે તલવાર અથવા સંદૂક (પેટી) અથવા સફીના (હોડી)ની વસિયત કરી :**

અહમદ બિન મોહંમદ બિન અબી નાસિરે અબી જલીમાથી અને તેમણે હઝરત ઈમામ રઝા (અ.)થી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં આંજનાબ (અ.)ને પૂછ્યું કે એક વ્યક્તિના માટે એક તલવારની વસિયત કરી કે જે મિયાનમાં હતી અને મિયાન ઝવેરાતથી મઢેલી હતી તો તેના વારિસોએ કહ્યું કે તમારું તો ફક્ત તલવારનું ફાણું જ છે, મ્યાન વગેરે તમારું નથી. આપ (અ.)એ ફરમાવ્યું, ના, તલવારની સાથે મિયાન પણ તેનું જ છે. રાવીનું બયાન છે કે મેં આંજનાબને અરજ કરી, એક માણસે એક વ્યક્તિના માટે સંદૂકની વસિયત કરી અને તેમાં અમુક માલ પણ હતો. વારિસોએ કહ્યું, બસ માત્ર સંદૂક જ તમારી છે, તેમાંનો માલ તમારો નથી. આપ (અ.)એ ફરમાવ્યું, સંદૂક અને જે કંઈ તેની અંદર છે તે બધું જ તેનું છે. (૫૫૦૯)

મોહંમદ બિન હુસૈને મોહંમદ બિન અબ્દુલ્લાહ બિન હિલાલથી, તેમણે ઉકબા બિન ખાલિદથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં આંજનાબ (અ.)ને પૂછ્યુ કે એક માણસે કહ્યું કે આ કશ્તી ફલાણા માણસની છે અને એ નથી બતાવ્યું કે આ કશ્તીમાં શું છે. જો કે તેમાં અનાજ લાદેલું હતું તો શું આ કશ્તી માલની સાથે એ આદમીને આપી દેવામાં આવે ? આપ (અ.)એ ફરમાવ્યું, આ કશ્તી માલની સાથે તેની છે કે જેના માટે વસિયત કરવામાં આવી છે સિવાય કે કશ્તીવાળાએ માલ વેચી દીધેલો

હોય. વારિસોના માટે એમાંથી કશું નથી. (૫૫૧૦)

**જેણે કોઈ વસિયત ન કરી હોય અને તેના ઘણા બધા વારસદારો હોય તો તેણે જે માલ છોડેલો હોય તેની વહેંચણી થાય અથવા વેચાણ થાય :**

ઝરઆએ સમાઆથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં આંજનાબ (અ.)ને પૂછ્યું કે એક માણસ વસિયત કર્યા વગર મરી ગયો અને તેને મોટા અને નાના છોકરા અને છોકરીઓ છે અને ઘણા બધા ખાદિમો અને ગુલામોમાં તેના વારસાને અને તર્કાને કેવી રીતે વહેંચવો ? આપ (અ.)એ ફરમાવ્યું કે અગર કોઈ ઉપાય ઊભો કરીને તેની વહેંચણી કરી દો તો કોઈ વાંધો નથી. (૫૫૧૧)

હસન બિન મહેબૂબે અલી બિન રતાબથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં એક વખત હઝરત ઈમામ અબુલ હસન મૂસા (અ.)ને પૂછ્યું, એક માણસની બાબતમાં કે મારે અને એને નિકટતા છે, તે મરી ગયો અને નાની ઉંમરની ઓલાદો છોડી ગયો અને પોતાના ઘણા બધા ગુલામો અને કનીઝો છોડી ગયો છે અને તેણે કોઈ વસિયત નથી કરી. આપ (અ.)ની રાય શું છે ? તેની કનીઝોમાંથી એકને ખરીદીને ઉમ્મુલ વલદ બનાવી લેવાય ? આપ (અ.) એ ફરમાવ્યું, એમાં કંઈ વાંધો નથી. અગર તેમની નિગરાની કરનાર અને વ્યવસ્થા કરનાર અને તેમની ભલાઈ પર નજર રાખનારો તેમને વેચી દે અને તેમની નિગરાની કરનારે અને વ્યવસ્થા કરનારે જે કંઈ કરી દીધું હોય તો તે બાળકોને તેનાથી ફરી જવાનો કોઈ ઈખ્તિયાર નથી. (૫૫૧૨)

**એક માણસ વસિયત કરે છે, તેનો વસી એક બાબત સિવાય બધાને ભૂલી જાય છે, યાદ રાખતો નથી :**

મોહંમદ બિન હસન સફ્ફાર (રઝી.અ.) એ સહલ બિન ઝિયાદથી, તેમણે મોહંમદ બિન રિયાનથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં આંજનાબ (અ.) અર્થાત હઝરત અલી બિન મોહંમદ (અ.)ને પત્ર લખીને પૂછ્યું કે એક આદમીએ એક વસિયત કરી પરંતુ તેના વસીને એક બાબત સિવાય કંઈ યાદ નથી રાખ્યું. હવે બાકીના માટે શું કરવામાં આવે? તો જવાબમાં લખાણ આવ્યું કે બાકીનાને સારા કાર્યોમાં ખર્ચી નાખવામાં આવે. (૫૫૧૩)

(ક્રમશ:)

## શબ્દ પરિચય

### હરામ

**હરામ :** (حرام) હરામ અરબી ભાષાનો શબ્દ છે તેના અર્થ આ મુજબ થાય છે : ૧. અધર્મ ૨. જેના ખાનપાનની ધર્મમાં મનાઈ કરવામાં આવી હોય તેવું, હરામ, નિષિધ્ધ, મનાઈ કરેલું, પ્રતિબંધિત. હરામ શબ્દ ઉપરથી બનતા શબ્દો **હરામકાર** - હરામ કામ કરનાર, વ્યભિચારી, લંપટ **હરામકારી** - વ્યભિચાર **હરામખોર** - હરામનું ખાનાર, મહેનત વગરનું ખાનાર, કામચોર, નિમકહરામ, કૃતઘ્ન **હરામખોરી** - હરામનું ખાવાની ક્રિયા, મફતનું ખાવું, કામચોરી, નિમકહરામી **હરામઝાદા** - હરામનું સંતાન, વર્ણશંકર, હરામી **હરામતોશા** - નિમકહરામ **હરામસૂરત** - ૧. કામ કર્યા વગર મફતનું ખાનાર, ૨. લુચ્ચું, પાજી

# આપણા ઘરની વાતો

● **અભિનંદન :**



સુરપુર નિવાસી **મો. મોહસિનઅલી મુસ્તાકઅલી ભોવણીયા** સિવિલ એન્જિનિયરીંગ (બી.ઇ)માં ૬.૮૫ રેન્ક મેળવીને ઉત્તિર્ણ થયેલ છે. જાફરી આવાઝ પરિવાર તરફથી અભિનંદન. ⟶

● **ઇન્નાલિલ્લાહે..:**



⟵ઈલોલ પહાડીયા નિવાસી **મર્હૂમા મો.ફાતમા મોહંમદઅલી મતીયા** મુ.તા. ૬, સફર–૧૪૩૫, તા. ૧૦–૧૨–૨૦૧૩ને મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.



વડનગર નિવાસી **મર્હૂમ મો.ગુલામહુસૈન આદમભાઈ સુથાર** મુ.તા. ૧૦, મોહર્રમ–૧૪૩૫, તા.૧૫–૧૧–૨૦૧૩ને શુક્રવારના રોજ ૫૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે રહમદિલ અને મોહંમદ વ આલે મોહંમદના ચાહક હતા. ⟶



⟵કઠોર નિવાસી **મર્હૂમા મો.સાબેરાબેન ઈસ્માઈલભાઈ મોમિન** મુ.તા. ૨૫, સફર–૧૪૩૫, તા.૨૯–૧૨–૨૦૧૩ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક, મૃદુ, મિલનસાર, સેવાભાવી અને નિખાલસ હતાં.



સેદ્રાણા નિવાસી **મર્હૂમા સકીનાબેન કાસમઅલી કડીવાલા** મુ.તા. ૨૫, મોહર્રમ–૧૪૩૫, તા.૩૦–૧૧–૨૦૧૩ને શનિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક અને માયાળુ હતાં. તેઓ મોહંમદ વ આલે મોહંમદ અને પીરાને તરીકતનાં ચાહક હતાં. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

## જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

**મર્હૂમા ફાતમાબેન મોહંમદઅલી મતિયા (ઈલોલ પહાડીયા)ની રૂહના સવાબ અર્થે**

રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન સુલેમાન મતિયા

રૂા.૧૦૦/- મો.મોહંમદઅલી સુલેમાન મતિયા

રૂા.૧૦૦/- મો.હસનઅબ્બાસ સુલેમાન મતિયા

રૂા.૫૦/- મો.આબેદાબેન હસનઅબ્બાસ મતિયા

# આપણા ઘરની વાતો

● **અભિનંદન :**



સુરપુર નિવાસી **મો. મોહસિનઅલી મુસ્તાકઅલી ભોવણીયા** સિવિલ એન્જિનિયરીંગ (બી.ઇ)માં ૬.૮૫ રેન્ક મેળવીને ઉત્તિર્ણ થયેલ છે. જાફરી આવાઝ પરિવાર તરફથી અભિનંદન. ⟶

● **ઇન્નાલિલ્લાહે..:**



⟵ઈલોલ પહાડીયા નિવાસી **મર્હૂમા મો.ફાતમા મોહંમદઅલી મતીયા** મુ.તા. ૬, સફર–૧૪૩૫, તા. ૧૦–૧૨–૨૦૧૩ને મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.



વડનગર નિવાસી **મર્હૂમ મો.ગુલામહુસૈન આદમભાઈ સુથાર** મુ.તા. ૧૦, મોહર્રમ–૧૪૩૫, તા.૧૫–૧૧–૨૦૧૩ને શુક્રવારના રોજ ૫૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે રહમદિલ અને મોહંમદ વ આલે મોહંમદના ચાહક હતા. ⟶



⟵કઠોર નિવાસી **મર્હૂમા મો.સાબેરાબેન ઈસ્માઈલભાઈ મોમિન** મુ.તા. ૨૫, સફર–૧૪૩૫, તા.૨૯–૧૨–૨૦૧૩ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક, મૃદુ, મિલનસાર, સેવાભાવી અને નિખાલસ હતાં.



સેદ્રાણા નિવાસી **મર્હૂમા સકીનાબેન કાસમઅલી કડીવાલા** મુ.તા. ૨૫, મોહર્રમ–૧૪૩૫, તા.૩૦–૧૧–૨૦૧૩ને શનિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક અને માયાળુ હતાં. તેઓ મોહંમદ વ આલે મોહંમદ અને પીરાને તરીકતનાં ચાહક હતાં. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

## જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

**મર્હૂમા ફાતમાબેન મોહંમદઅલી મતિયા (ઈલોલ પહાડીયા)ની રૂહના સવાબ અર્થે**

રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન સુલેમાન મતિયા

રૂા.૧૦૦/- મો.મોહંમદઅલી સુલેમાન મતિયા

રૂા.૧૦૦/- મો.હસનઅબ્બાસ સુલેમાન મતિયા

રૂા.૫૦/- મો.આબેદાબેન હસનઅબ્બાસ મતિયા

રૂા.૫૦/- મો.સાદિકઅલી મોહંમદઅલી મતિયા
રૂા.૫૦/- મો.સકીનાફાતમા મોહંમદઅલી મતિયા
રૂા.૫૦/- મો.અકબરહુસૈન હસનઅબ્બાસ મતિયા

રૂા.૧૨૦૦/- શીઆ જાફરી મશાયખી મોમિન જમાત, કિશોરગઢ તરફથી નવીન તાઝીયા-મુબારકના જૂલૂસની શરૂઆત કરી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- બંદાએ ખુદા (ધોળકા) તરફથી જાફરી આવાઝના ઉત્તેજન અર્થે.

રૂા.૧૦૦/- મો.મોહસિનઅલી મુસ્તાકઅલી ભોવણીયા (સુરપુર) તરફથી તેમણે સિવિલ એન્જિનિયર (બી.ઈ.)માં ૯.૮૫ મેળવી ઉતિર્ણ થયા તેની ખુશાલી પ્રસંગે પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ ગુલામહુસૈન આદમભાઈ સુથાર (વડનગર) ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૧૦૦/- મો. સુગરા ગુલામહુસૈન સુથાર
રૂા.૧૦૦/- મો. નજરમોહંમદ ગુલામહુસૈન સુથાર
રૂા.૧૦૦/- મો. મંજૂરઅહમદ ગુલામહુસૈન સુથાર
રૂા.૫૦/- મો. રહીમભાઈ આદમભાઈ સુથાર
રૂા.૫૦/- મો. અકબરભાઈ આદમભાઈ સુથાર
રૂા.૧૦૦/- મો. શાકેરાબાનુ અહેસાનઅલી ભગત
રૂા.૧૦૦/- મો. તાહેરાબાનુ અહમદઅલી સુથાર
રૂા.૧૦૦/- મો. નૂરમોહંમદ અલીમોહંમદ સુથાર
રૂા.૧૫૧/- મો. ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ ભગતના પરિવાર તરફથી
રૂા.૨૦૦/- મો. અબ્બાસભાઈ ઈબ્રાહીમભાઈ ભગતના પરિવાર તરફથી
રૂા.૧૦૦/- મો. તાહિરઅલી ઈબ્રાહીમભાઈ ભગતના પરિવાર તરફથી
રૂા.૧૦૦/- મો. આબિદઅલી ઈબ્રાહીમભાઈ ભગતના પરિવાર તરફથી

રૂા.૧૦૦/- મો.અબ્બાસભાઈ હાજી ગુલામઅલી (દમણ) તરફથી નવીન દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે.

રૂા.૫૦/- મો.અબ્બાસઅલી ગુલામઅલી (દમણ) તરફથી તેમના પિતાની રૂહના સવાબ અર્થે

મર્હૂમા મો.સાબેરાબેન ઈસ્માઈલભાઈ (કઠોર) ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.

રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલભાઈ ગુલામ રસુલ
રૂા.૫૦/- મો.મુમ્તાઝહૈદર ઈસ્માઈલ
રૂા.૫૦/- મો.ઝૈનબબાનુ મુમ્તાઝહૈદર
રૂા.૫૦/- મો.મહદીહસન મુમ્તાઝહૈદર
રૂા.૫૦/- મો.અસ્મતફાતેમા મુમ્તાઝહૈદર
રૂા.૫૦/- મો.કુલ્સૂમફાતેમા મુમ્તાઝહૈદર
રૂા.૫૦/- મો.સાજેદાફાતેમા મુમ્તાઝહૈદર
રૂા.૫૦/- મો.રફીકાબાનુ હાજી સલમાન
રૂા.૫૦/- મો.યાસ્મીનાબાનુ હાજી ઈમ્તિયાઝઅલી
રૂા.૫૦/- મો.શબાનાબાનુ ઝુલ્ફિકારઅલી
રૂા.૫૦/- મો.વહીદાબાનુ ઈશ્તિયાકહુસૈન
રૂા.૫૦/- મો.નાસિરઅલી ઈશ્તિયાકહુસૈન

રૂા.૫૦/- મો.નાસિરઅલી ઈશ્તિયાકઅલી મોમિન (અમદાવાદ) તરફથી તેમની નાની મર્હૂમા સાબેરાબાનુ ઈસ્માઈલભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.સાજેદાફાતેમા મુમ્તાઝહૈદર (કઠોર) તરફથી તેમની દાદી મર્હૂમા સાબેરાબાનુ ઈસ્માઈલભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.હસનઅબ્બાસ ગુલામઅબ્બાસ મોમિન (વસો) તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા. ૭૫૦/- હોટલ તૃપ્તિ (ગોધરા) તરફથી ત્રણ વર્ષ પૂર્ણ થયા તેની ખુશાલી પ્રસંગે.